# સુરેશ જાની
# જીવનકથા

**૫, માર્ચ - ૨૦૨૩**

## <u>વિગતો</u>

લેખકનું નામ - સુરેશ ભીખાભાઈ જાની

જન્મસ્થળ - અમદાવાદ

જન્મવર્ષ - ૧૯૪૩

અભ્યાસ – બી.ઈ.(મિકે/ ઇલે.) ૧૯૬૪ - ૧૯૬૫

વ્યવસાય – પાવર એન્જિનિયર / મેનેજર ( ૧૯૬૫ – ૨૦૦૦)

અમેરિકામાં આગમન તારીખ - ૨૧, ડિસેમ્બર - ૨૦૦૦

Address in USA - 3704 Sevenoaks Drive, Fort Worth, TX- 76244

Email - surpad2017@gmail.com

phone# 682-438-4147

# અનુક્રમણિકા


પ્રાસ્તાવિક ........ 5

ભજન / સ્તૂતિને રામ રામ ! ........ 6

બાળ ઉછેર ........ 8

પ્રાર્થના ........ 9

ઘિલોડી પાળી ........ 11

ઈ-વિદ્યાલય ........ 13

સાહિત્ય રસ ........ 14

ઉંઝા જોડણી ........ 16

હોબીરસ ........ 17

હોબી પ્રોગ્રામિંગ ........ 18

અંતરયાત્રા ........ 19

જાગૃતિની શરૂઆત ........ 20

નિજદોષપરિક્ષણ ........ 22

વોલમાર્ટમાં શોપિંગ કાર્ટ ........ 22

જાગૃતિમાં હરણફાળ ........ 24

બાળપણ ........ 28

૧૫, ઓગસ્ટ – ૧૯૪૭ ........ 28

શિક્ષણ ........ 30

નવ્વાણું માર્ક ........ 31

એન્જિનિયરિંગમાં પ્રવેશ ........ 33

કાર્યકાળ ........ 34

પહેલો પગાર ........ 35

સ્લમમાં સફર ........ 40

પાણીની ટાંકી ........ 45

સેલ્સમેન ........ 47

પાવર હાઉસ સ્ટોર ........ 49

સમાપ્તિ ........ 53

ચા તૈયાર છે ........ 54

૨૦૦૫ પછીની સર્જન પ્રક્રિયા ........ 59

# પ્રાસ્તાવિક

જીવનમાં આવેલ પરિવર્તનની વાત કરવાની હોય ત્યારે બીજું બધું તો પછી આવે. પણ સૌથી અગત્યની પણ મોટા ભાગે સૌથી વિસરાઈ જતી વાત એ છે કે, આપણા જીવનમાં આપણે એકલાએ કશું જ કર્યું હોતું નથી! એકે એક પ્રવૃત્તિ કે પ્રગતિ કે અધોગતિ માટે ઘણી ચીજો અને વ્યક્તિઓ જવાબદાર હોય છે. આ સત્યનું આ લખનારને ભાન પણ છેક ૨૦૧૨ની સાલમાં થયેલું! આથી બીજી કોઈ વાત લખતાં પહેલાં જીવનમાં સહાયક બનનાર સૌ વ્યક્તિઓ અને તત્વોનો હૃદય પૂર્વક આભાર. એટલું જ નહીં પણ જીવનમાં જે જે વ્યક્તિઓ કે તત્વો લખનારના રસ્તાને પ્રતિકૂળ રહી છે, તેમનો પણ આભાર. એ અનુભવો વિના કદાચ જીવન અધૂરું જ રહ્યું હોત.

ખેર, જન્મ પછી ૭૮ વર્ષ અને છ મહિના વીતી ગયા. એ ગાળામાં પ્રકાશના વર્ણપટની જેમ અનેક અનુભવો અને અનેક રંગો જોવા મળ્યા છે. દરેક ગાળાની કંઈક ને કંઈક વિશિષ્ઠતા રહી છે. એમાં પ્રયત્નો, આશાઓ, નિરાશાઓ,  ઉપલબ્ધિઓ, પીછેહઠો વિ.નું સહસ્રરંગી મિશ્રણ છે. દરેકના જીવનમાં આમ જ હોય. પણ દરેકની એક આગવી અનુભૂતિ હોય છે. આ ‘સુજા’ની થોડીક આવી અનુભૂતિઓ અહીં ભેગી કરી છે. પણ દેશમાંથી વસાહતી તરીકે આવવાના કારણે જીવનમાં આવેલા આમૂલ પરિવર્તન ખાસ

કેંદ્રમાં છે. એના જીવનને બહુ મોટો વળાંક – કદાચ ૧૮૦ અંશના ખૂણે- જીવનની નૌકાનું સૂકાન બદલાયું હોય તેવા આ એક પ્રસંગથી આ કથાનકની શરૂઆત કરું.

# ભજન / સ્તૂતિને રામ રામ !

**૨૦૦૨ની સાલમાં આશરે નવેમ્બર મહિનો**

સુજા તમે કાર ચલાવતાં સ્થાનિક મંદિર તરફ જઈ રહ્યા છો. આખા રસ્તે ગાયત્રી મંત્રની માળા ચાલુ જ છે. પાંચ માળા પૂરી કરવાનો નિત્ય નિયમ ચૂક્યા વિના પાળવાનો છે. દીકરીના ઘરના બેક યાર્ડમાં આવેલા હિંચકા/ લપસણી પર એનાં બાળકોને ઝૂલાવતાં તમે પાંચ ભજનનો ક્વૉટા પૂરો કરી દીધો છે. છેલ્લી માળાનો છેલ્લો શ્લોક પતાવી 'આજનું કામ પૂરું થયું.' એવો હાશકારો કરી તમે ઉપરછલ્લો આનંદ માણી લો છો. પણ, 'આમ માળા/ ભજન કરવાથી પરમ આનંદ અને શાંતિ મળશે.' - એ માન્યતા રોજની જેમ જ ઠગારી નિવડી છે. ખેર! આ જ તમારી નિયતિ છે, એમ મન મનાવી તમે કાર પાર્ક કરીને મંદિર તરફ પ્રયાણ આદરો છો.

'૨૦૦૦ની સાલના ડિસેમ્બર મહિનામાં તમે અમેરિકા આવ્યા તે પહેલાં દેશમાં કેવી દોમ દોમ સાહ્યબી હતી? કમ્પનીએ આપેલ મહેલ જેવા ક્વાર્ટરમાં ચાર ચાર કામ કરનારા મદદનીશો હતા. (ચોવીસ કલાક માટે નોકરો માટેના ક્વાર્ટરમાં રહેતી કામવાળી બાઈ, ઘરની સાફસૂફી માટે સફાઈ

કામદાર, મોટા બગીચામાં કામ કરવા માટે માળી અને કમ્પનીએ આપેલ ગાડી ચલાવવા માટે ડ્રાઈવર). ઓફિસમાં એક પટાવાળો માત્ર તમારી સેવા માટે હાજર રહેતો. અંગત સ્ટેનોગ્રાફર – ભૂલ્યો, પ્રાઈવેટ સેક્રેટરી તમારો પડ્યો બોલ ઝીલી લેવા તમારી ઓફિસની બહાર હમ્મેશ હાજર રહેતો. ૧૫૦ ઓફિસરોની ફોજ તમારી ૨૫૦૦ માણસોની સેનાના મોખરે હતી.'

'અને આ દોજખમાં? દિવસમાં ત્રણ વખત વાસણ ઊડકવાનાં- એ તો ઠીક; દોહિત્રોનું મેલું પણ તમારે સાફ કરવું પડે છે. રાજરાણીની જેમ દેશમાં મ્હાલતી તમારી પત્ની અહીં રસોયણ છે. મેલાં લુગડાં એને જ ધોવાં અને વાળવાં પડે છે.'

'બધી મજા ઓસરી ગઈ. એ સલ્તનત ભાંગીને ભૂક્કો બની ગઈ. એ તાજ ગયો, એ પાટ ગઈ, એ શહેનશાહી ગઈ. જીવન ઝેર જેવું બની ગયું.'

આ રોજ અનેક વાર થતી સ્વગતોક્તિ ક્યારે તમારો પીછો છોડશે? આવા હાયકારા સાથે તમે મંદિરમાં પ્રવેશો છો. આજે દેશમાંથી આવેલા, દંતાલીના સચ્ચિદાનંદ સ્વામીનું વ્યાખ્યાન છે. તમે સાવ નીરસ ભાવે એ સાંભળવા ખુરશી પર બિરાજમાન થાઓ છો. એમના તેજસ્વી મુખારવિંદ સામે જોતાં તમે ચપટિક ઈર્ષ્યાભાવ પણ સેવી લો છો. 'આવી પરમ શાંતિ અને સંતોષ આ જન્મમાં કદી તમારા નસીબે આવશે ખરાં?'

સ્વામીજીનું વ્યાખ્યાન શરૂ થાય છે. એમની વેધક અને અસ્ખલિત વાણીના પ્રવાહમાં તમે તણાવા લાગો છો. ધીમે ધીમે એમના વિચાર અને

વાણી તમારા ચિત્તમાં કોઈક નવા જ પ્રવાહોને જન્મ આપવા માંડે છે. ‘મરણ બાદ મોક્ષ પ્રાપ્તિના લક્ષ્ય કરતાં, આ ક્ષણમાં જીવતા થવાની  વાત જરૂરી છે.’  એમ વળી વળીને અને અનેક ઉદાહરણો આપીને સ્વામીજી સમજાવતા રહે છે. કશીયે સાધના વિના તમારા અંતરમાં એક ટાઢો શેરડો વહેતો થયાનો ક્ષણિક ઉલ્લાસ તમારા કોશે કોશમાં તમે અનુભવો છો. સેવાના આનંદની સર્વોત્તમતા પણ સ્વામીજીએ દાખલા દલીલો સાથે સમજાવી છે. દીકરીના ઘરમાં કામ કરી, તમે પણ એક નાનકડો સેવાયજ્ઞ આદર્યો છે – એ સત્ય તમને સમજાતું જાય છે.

વ્યાખ્યાન પૂરું થાય છે. આખા રસ્તે કોઈક પરમ ઉલ્લાસ તમારા અંગેઅંગમાં ફરી વળ્યાનો અહેસાસ તમે કરતા રહો છો. આશાના એક નવા કિરણ સાથે તમે ઘેર પાછા ફરો છો. ‘આજથી જ બધા ભજન અને માળાને બાય બાય...’ આ સંકલ્પ સાથે તમે મોડી સાંજના ઘેર પહોંચો છો. કેટલા બધા મહિના પછી તમને ઘસઘસાટ ઊંઘ આવી જાય છે.

એ ઘડી અને એ પ્રસંગ – ‘સુજા’એ પાછું વાળીને જોયું નથી.

## બાળ ઉછેર

૨૦૦૦ થી ૨૦૧૨ના ગાળામાં દીકરીનાં બાળકો યુવાન નહોતા થયા. ત્યાં સુધી એમની કેળવણીમાં મદદરૂપ થવાની જવાબદારી સુજાની રહી હતી. પ્રારંભમાં એની કારણે ખુબ જ વિષાદ અને નિર્વેદ રહેતો. પણ એ દૂર

થયા પછી, એ કામોમાં નવો રસ પેદા થયો અને એમની કેળવણી સાથે સુજાની નવી તાલીમ પણ ચાલુ થઈ શકી! એ અનુભવો ઢગલાબંધ છે અને બહુ રસિક પણ છે. એમાંના બે અહીં રજુ કર્યા છે –

## પ્રાર્થના

રાતના અગિયાર વાગ્યા હતા. મારી આંખોમાં હવે માંડ માંડ થોડીક ઊંઘ ભરાણી હતી. હું છેલ્લો ઈમેલ ચેક કરી કોમ્પ્યુટરને અલવિદા કરી, સૂવાની તૈયારી કરી રહ્યો હતો. ત્યાં કોઈના રડવાનો ધીમો અવાજ સંભળાયો.

હું ચોંકીને અવાજની દિશામાં ગયો. ઘરના  દિવાનખંડમાં મારી દીકરીનો દીકરો જય રાતે અમારે ઘેર રહેવા આવેલા, તેના મિત્ર એન્થનીને મનાવવા વ્યર્થ પ્રયત્ન કરી રહ્યો હતો.

મેં તેને પૂછ્યું," કેમ તમારા રૂમમાં જઈને સૂઈ જાઓને?"

જયે કહ્યું," એન્થનીને બીક લાગે છે."

મેં કહ્યું," તો નાઈટલેમ્પ ચાલુ રાખીને સૂઈ જાઓને?"

જય – " ના! એને તો બસ એના ઘેર જ જવું છે."

આમ તો એન્થનીનું ઘર અમારા ઘરથી દૂર નથી, પણ આટલી મોડી રાતે એનાં માબાપને જગાડવું, મને ઠીક ન લાગ્યું.

મેં એન્થનીને કહ્યું," ચાલ મારા રૂમમાં મારી જોડે સૂઈ જા."

અમે ત્રણે મારા રૂમમાં ગયા. એન્થનીનું રડવાનું તો ચાલુ જ હતું. મેં એને મારી સાથે સુવાડ્યો અને એના બરડે હાથ ફેરવવા માંડ્યો. એના ધીમાં ડૂસકાં હજુ શાંત થયા ન હતાં. જ્યારે જય નાનો હતો; ત્યારે તે અમારા રૂમમાં સૂતો હતો. હું રોજ એને પ્રાર્થના કરી સુવાડતો હતો. પણ એ તો આપણા શ્લોકો અને ભજનો. મને કોઈ અન્ગ્રેજી પ્રાર્થના આવડતી ન હતી. મેં જયને પ્રાર્થના કરવા કહ્યું. એ એની સ્કૂલની, જિસસની પ્રાર્થના ગડગડાવી ગયો. પણ એન્થનીના રડવામાં કાંઈ જ ફરક ન પડ્યો.

મેં એક છેલ્લા પ્રયત્ન તરીકે, એના બરડે હાથ ફેરવતાં શાંતિમંત્ર ગાવો શરુ કર્યો.

**ॐ सहनाववतु, सह नौ भुनक्तु, सहविर्यम् करवावहै**
**तेजस्विना वधितमस्तु, मा विद्विषावहै!**
**ॐ शांतिः, शांतिः, शांतिः ।**

મારો સાદ અને રાગ તો મધ્યમ કક્ષાના પણ ન કહી શકાય. પણ એના લયમાં એનું રડવાનું બંધ થઈ ગયું.

હવે મારો ઉત્સાહ વધ્યો. મેં પુનિત મહારાજનું મને બહુ જ ગમતું ભજન  ગાવા માંડ્યું.

**“હરિના નામનો હો! એક જ આધાર છે.**
**જીવનસંગ્રામનો હો! એક જ આધાર છે.”**

આ ભજનનો ઢાળ મને બહુજ ગમે છે – જયને પણ. અને કદાચ હું એ ઠીક ઠીક ગાઈ શકું છું. હજુ ભજન અડધે જ આવ્યું હશે, અને એન્થની સૂઈ ગયો, તે સવાર પડે વહેલી.

આમ એક અમદાવાદી સંતના સાવ સાદા ભજને, એક ખ્રિસ્તી અને અમેરિકન બાળકને શાંતિ અને નિંદર ભેળો કર્યો હતો.

# ઘિલોડી પાળી

" જય! જલદી આવ. ઘિલોડી."

અને જય કોમ્પ્યુટર છોડી સફાળો મારા રૂમમાં દોડી આવ્યો.

જય અને તેના ખાસ મિત્ર હન્ટરનો નવો શોખ છે – 'ઘિલોડી પાળવાનો'. એને અહીં 'ગેકો' – geiko કહે છે. આ અગાઉ એમણે ઘિલોડીનું એક બચ્ચું પકડ્યું હતું. પણ તે કશાક કારણસર મરી ગયું હતું. એ મરણનો શોક બે દિવસ રહ્યો હતો. આજે પણ મારા રૂમમાં એવું બચ્ચું દેખાયું હતું.

જય ક્યાંકથી સરસ મજાનો કોઈ ચીજના પેકિંગમાં આવેલો, ફિટ બંધ થાય તેવો, પ્લાસ્ટિકનો ડબો લઈ આવ્યો. ચુપકિદીથી તે ડબો તેની ઉપર સરકાવ્યો. બચ્ચું એમાં પૂરાઈ ગયું. હવે એની અને ભીંતની વચ્ચે કાગળ સરકાવી ડબાને ભીંત પરથી ઊઠાવી લેવાનો હતો. એમ કરતાં મારાથી ડબો સહેજ ઉપડાઈ ગયો અને ચાલાક ઘિલોડી છટકી ગઈ.

થોડેક આગળ ફરી આ પ્રયત્ન અને ફરીથી એ વધારે તેજીલું નિવડ્યું. હવે તો તે ભીંત અને કાર્પેટની વચ્ચેની ગેપમાં ઘૂસી જવા પ્રયત્ન કરવા માંડ્યું. હવે તેને પકડવાનું આસાન ન હતું. કાગળના છેડાથી એને થોડું હડસેલ્યું. એ છટકીને સહેજ ઉપર આવ્યું અને અમે ફરી આ અભિયાનનું પુનરાવર્તન કર્યું. છેવટે અમારો આ પ્રોજેક્ટ સફળ નિવડ્યો. ઘિલોડી અમારા આ સરસ મજાના ડબામાં બંદિવાન બની. ઢાંકણું ફિટ વસાઈ ગયું. હવે મારું કામ હતું આ ડબામાં કાણાં પાડી આપવાનું; જેથી ઘિલોડીને હવા મળી રહે. મારી પાસે એક ઓલ – awl છે.( ગુજરાતમાં આપણે તેને પોકર કહીએ છીએ.) તેનાથી મેં તરત પાંચ કાણાં પાડી આપ્યાં.

જય પાણી લઈ આવ્યો અને કાણાંમાંથી ઘિલોડી માટે છએક ટીપાં પાણીનાં રેડ્યાં. હવે શોધ શરૂ થઈ – ઘિલોડીની દરકાર માટે શું કરવું? – તેની. ગુગલ મહારાજે ઘિલોડી પાળવાનું આખું શાસ્ત્ર ગોતી આપ્યું! અઢળક માહિતીનો ભંડાર. ખરીદવો હોય તો તેનો ખોરાક તો શું; આખી ને આખી ઘિલોડી પણ ખરીદી શકાય!

પણ હાલ તો ઘિલોડી માટે જીવડાં શોધી લાવવાનું અભિયાન શરૂ થયું. ક્યાંકથી જય મરેલાં બે નાનાં જીવડાં લઈ આવ્યો. સવારે નિશાળે જતાં પહેલાં બેકયાર્ડમાંથી જીવતાં જીવડાં શોધી એને ધરશે. અને મને બીજા દિવસ માટે ઘરકામ સોંપાઈ ગયું છે. સવારના આઠ વાગ્યાથી બે કલાક આ ડબાને વિજળીના ટેબલ લેમ્પ નીચે રાખી ગરમ કરવાનો; અને બે કલાક રૂમના ઉષ્ણતામાને એને રાખવાનું. કાલ સાંજ સુધીની દરકારની જવાબદારી મને સોંપાઈ ગઈ! ક્યારે શુક્રવારની સાંજ પડે અને હન્ટરને આ ઘિલોડી

જોવા બોલાવી લવાય – એની તાલાવેલી હવે જયને લાગી છે. નાનો હતો ત્યારે તે આમ જ બહુ સિફતથી દેડકો પકડી લાવતો હતો.

**આ છે – અમેરિકન કિશોરોના મનોરાજ્યની એક ઝલક!**

# ઈ-વિદ્યાલય

૨૦૧૧ ડિસેમ્બર

અમદાવાદની મારી મુલાકાત દરમિયાન હું ઈમેલ ચેક કરતો બેઠો છું. ત્યાં અચાનક મૂળ અમદાવાદની પણ લંડનમાં રહેતી હીરલ શાહ નામની સાવ અજાણી યુવતિનો ‘ચેટ’ માટે  ઝબકારો મારતો સંદેશ મારું ધ્યાન ખેંચે છે. મારા હોબી બ્લોગની ભાગ્યે જ કોઈ મુલાકાત લેતું હોય છે. પણ આ બહેન તો એની જોરદાર પ્રશંસા કરવા લાગે છે. પાંચેક મિનિટ બાદ અમારી ‘ચેટ’ બંધ થાય છે. હું પણ દેશમાં પૂરા કરવાના કામોમાં એ ઘટના ભુલી જાઉં છું.

પણ અમેરિકા પાછા આવ્યા બાદ અમારો ઈમેલ સમ્પર્ક શરૂ થાય છે. કાળક્રમે હીરલે પહેલી ગર્ભાવસ્થા દરમિયાન યુ-ટ્યુબ પર  બનાવેલ ૨૦૦ જેટલા શૈક્ષણિક વિડિયોની મને જાણ થાય છે. ધીમે ધીમે અમે ઈ-વિદ્યાલયની વેબ સાઈટ ચાલુ કરીએ છીએ. હીરલને તો બે બાળકો અને ઘર સંચાલનની જવાબદારીના કારણે કાંઈ પણ સમય મળતો નથી, પણ હું પૂરા સમય માટે એ વેબ સાઈટનો  સંચાલક બની જાઉં છું. ધીમે ધીમે વીસથી

વધારે લેખકો  યોગદાન આપવા માટે આ યજ્ઞકાર્યમાં જોડાય છે, અને બાળકોના સર્વાંગી વિકાસ માટેનું એ વટવૃક્ષ વિસ્તરવા લાગે છે.

અફસોસ એ વાતનો છે, કે અંગ્રેજી માધ્યમ પાછળની ગુજરાતી સમાજની આંધળી દોટના કારણે એનો  વપરાશ કરનાર શિક્ષણ સંસ્થાઓ કે વાલીઓ મળ્યા નથી, અને એ પ્રવૃત્તિ હાલમાં સુષુપ્ત અવસ્થામાં સરકી ગઈ છે.

# સાહિત્ય રસ

૧૯૫૨ થી ૧૯૫૯ ના ગાળામાં માધ્યમિક શાળામાં સુજા હતો ત્યારે ઠીક ઠીક સાહિત્ય રસ હતો. થોડીક કવિતાઓ પણ લખી હતી. પણ કોલેજમાં આવ્યા પછી એ રસ ધીમે ધીમે ઓસરતો રહ્યો. લેખન તો શું વાંચન પણ માત્ર અંગ્રેજી સાહિત્ય પૂરતું જ મર્યાદિત બની ગયું. નોકરીના કાળમા તો એ માહોલ વધારે ને વધારે બળવત્તર થતો ગયો. માત્ર ગુજરાતી નાટકો જોવાનો કે દૈનિક કે સામાયિક સમાચાર પત્રોમાં વાંચવા મળતા સાહિત્ય પૂરતો જ એ રસ થોડોક પણ ટકી શક્યો.  અમેરિકા આવ્યા બાદ, નીચેના પ્રસંગથી સજાના સાહિત્ય રસમાં ખરેખર જાગૃતિ આવવાની શરૂઆત થઈ.

## <u>સુગમ સંગીત મુશાયરો</u>

**આશરે મે, ૨૦03**

તે દિવસે એક ગુજરાતી મિત્રના ઘેર પાર્ટી હતી. મને તો કોઈ ત્યાં ન ઓળખે. એકલતાને કોસતો હું બાજુમાં ખુરશી પર બેઠો હતો. મારી આગળ થોડાક

સજ્જનો ભેગા મળી વાતો કરતા હતા. એકાએક એમની વાતોમાંથી મને સોલી કાપડિયા નામ સંભળાઈ ગયું.  એ તો મારા પ્રિય ગાયક. હું સફાળો ઊઠીને તેમની પાસે ગયો અને પૂછપરછ કરી. વાત એમ હતી કે, સોલી અને નિશા ડલાસમાં આવ્યા હતા અને એક મિત્ર શ્રી. સુધીર દવેએ એમનાં ગીતોનો કાર્યક્રમ યોજ્યો હતો. બીજા કોઈને તો સોલીનું નામ પણ સાંભળ્યું ન હતું. સુધીર ભાઈ તો મારી પર ખુશ ખુશ થઈ ગયા. અને બધાને એ કાર્યક્રમની વિગતો આપતું ફરફરિયું પકડાવી દીધું.

પછી તો ધીમે ધીમે હું આવા કાર્યક્રમોના ચાહકોમાં પ્રવેશ મેળવી શક્યો આગળ જતાં ‘શોધ’ નામનું સાહિત્ય ગ્રુપ સ્થપાયું એમાં શરૂઆતથી જ સભ્ય બની ગયો. આને કારણે મારો સાહિત્ય રસ ફરીથી જાગૃત થયો,

પહેલાં સાંભળવાનો, પછી વાંચવાનો અને છેલ્લે આવડે તેવી  રીતે કવિતા  લખવાનો છંદ વળગ્યો! ઈમેલ મારફતે મળતી રહેતી માહિતી પરથી સ્વ. કિશોર રાવળે બનાવેલ ‘ ગુજરાઈટી’ સોફ્ટ્વેર  વડે ગુજરાતીમાં લખવાની શરૂઆત કરી, પણ છેવટે બધે વાપરી અને વાંચી શકાય તેવા ‘ઇન્ડિક – શ્રુતિ’ ફોન્ટ મળી ગયા, અને સુજાની ગાડી પૂરપાટ દોડી!

એ સંદર્ભમાં જ નેટ પર ‘ રીડ ગુજરાતી’ વાંચતાં કોઈકની કોમેન્ટમાં ‘બ્લોગ’ શબ્દ જાણવા મળ્યો . પૃચ્છા અને ખાંખાંખોળાં કરતાં ૨૦૦૪ના છેવટના ભાગમાં ગૂગલના ‘બ્લોગર’ પર પહેલો બ્લોગ બનાવ્યો. પણ બે

ત્રણ મહિના પછી વર્ડપ્રેસની ભાળ મળી અને ત્યાં કવિતાનો બ્લોગ અને પછી ‘પરિચય’ બ્લોગ શરૂ કર્યા.

ત્યાર પછીની મારી બ્લોગયાત્રા ઠીક ઠીક જાણીતી છે.

બ્લોગિંગ ઉપરાંત અંગ્રેજી સાહિત્ય વાચનનો શોખ પણ બાળકો માટે લાયબ્રેરીમાંથી ચોપડીઓ લાવતાં થયો. આ વીસ વર્ષમાં જાતજાતનું વાંચન એના કારણે થઈ શક્યું છે.

## ઉંઝા જોડણી

**માર્ચ - ૨૦૦૭**

અમુક મિત્રોની સાથે સંવાદ પરથી ૧૯૯૯ માં ગુજરાતમાં શરૂ થયેલ આ જોડણી સુધાર અભિયાન વિશે જાણ થઈ. પોતાની જોડણીમાં થતી ભૂલો વિશે સભાન હોવાના કારણે, સુજાને એ વિચાર ગમ્યો. આદત અનુસાર પોતાના બ્લોગ પર એનું અમલીકરણ કર્યું. ત્યાર બાદ વિરોધ અને અસહકારનો પ્રચંડ વાવંટોળ ભભૂકી ઊઠ્યો. સુજાએ પણ ક્ષત્રિયવૃત્તિના કારણે ઘણી તલવારબાજી કરી! ઘણી માનસિક યાતનાઓ પણ વેઠી. ઘણા નેટ મિત્રો અળગા થઈ ગયા, કાળક્રમે ઊંઝા જોડણીના ચાહક મિત્રોની અવગણના પણ અનુભવી. પણ એ વિવાદ અને એની યોગ્યતા/ અયોગ્યતા અંગે ચર્ચા અહીં અસ્થાને છે.

પણ એ વાતનો સુજાને સંતોષ છે કે, પદ્ય રચનાઓ કરવાનો વવળાટ શમી ગયો અને એના પ્રતાપે ગદ્ય લેખન તરફ ઝુકાવ થયો. ઉત્તરોત્તર એમાં ફાવટ પણ વધતી ગઈ. અત્યાર સુધીમાં પ્રકાશિત કરેલ ૧૦ ઈ-બુક અને બીજી ત્રણ બનાવી શકાય એટલું સર્જન આ ઘટનાના કારણે થઈ શક્યું.

પણ એનાથી વધારે અગત્યની અને અંગત જીવનમાં આમૂલ પરિવર્તન લાવતી બાબત એ છે કે, સુજાનો અંતરયાત્રા તરફ ઝુકાવ થવાના ઘણા બધા પરિબળોમાંનું એક આ કારણ પણ હતું. એના થકી થયેલ ફાયદાઓમાં આ વિષમતાનો પણ ભાગ હોવાથી એમ પ્રતીતિ થાય છે કે,

**'જીવનમાં જે કાંઈ બને છે, તેની પાછળ કોઈક અગમ્ય શક્તિનું આપણને સમજ ન પડે તેવું આયોજન હોય છે. '**

# હોબીરસ

ઈ.સ. ૨૦૦૨ માં  આની શરૂઆત બહુ યાદગાર રીતે થઈ હતી. એ વખતે વિડિયો કેસેટોનો જમાનો હતો. બાળકો માટે મહિનામાં બે વાર કેસેટો લાવતો. એક વખત 'ઓરિગામી' શિર્ષક વાળી કેસેટ જોવા મળી. એ શબ્દની મને ખબર ન હતી. આથી કુતૂહલવશ એ કેસેટ લઈ આવ્યો. એમાં ઓરીગામીના ચાર મોડલો બનાવવાની રીત આપી હતી. એ ચારે બનાવ્યા અને પછી તો એ છંદ બરાબર કોટે વળગી ગયો! એની ચોપડી પણ મળી ગઈ. હવે તો

નેટ ઉપર પણ અઢળક સામગ્રી મળી રહે છે. એ જ રીતે દોહિત્રોના ક્રાફ્ટ માટે મદદ કરતાં જાતજાતના ક્રાફ્ટ પર પણ હાથ અજમાવવાની તક મળી.

એ મોડલો પરથી વિડિયો બનાવી યુ-ટ્યુબ પર પણ મૂકવા માંડ્યા. પછી તો એ ચેનલ પર જાતજાતના વિડિયો અપલોડ થતા ગયા. એમ જ જાતજાતના ક્રાફ્ટ, કોયડા વિ. માં પણ ખેડાણ થતું ગયું . એ બધાનું સંકલન પણ બે બ્લોગ પર કરેલું છે.

# હોબી પ્રોગ્રામિંગ

**ફેબ્રુઆરી – ૨૦૧૪**

બાળકો પાસેથી મળેલી એક બક્ષિસ માટે હેડનને પણ યાદ કરવો જ પડે. મૂળ જર્મન કૂળના ગોરા બાપ એરિક અને અલ સાલ્વાડોરની મિશ્ર જાતિની મા વિક્ટોરિયાના એ પુત્રે એક વખત સુજાને 'સ્ક્રેચ'ની વાત કરી હતી. એ અગાઉ વિશ્યુઅલ બેઝિકમાં દસ બાર પ્રોજેક્ટ બનાવ્યા હતા. પણ એ 'શેર' કરવાની સવલત એમાં ન હતી. વળી એમાં ઘણી બધી કડાકૂટ પણ રહેતી. એ પ્રોજેક્ટો હેડનને બતાવતાં 'સ્ક્રેચ'ની ભાળ મળી હતી. તે એ વેબ સાઈટ પર સાદા સીધા પ્રોજેક્ટો બનાવતો હતો. થોડાક પ્રયત્નો પછી, એમાં ફાવટ આવતી ગઈ અને પ્રોજેક્ટો બનાવવાની શરૂઆત થઈ. એ સાધનની અદભૂત સરળતા, કલ્પનાશક્તિને છૂટો દોર આપવાની અને પ્રશ્નો ઊકેલવાની ક્ષમતાના કારણે આજ સુધી એમાં સર્જનો કરવાનો માહોલ ચાલુ

છે. એટલું જ નહીં પણ ઉત્તરોત્તર એમાં વધારે જટિલ પ્રોજેક્ટો બનાવવાની આવડત પણ કેળવાઈ છે.

અફસોસ એ વાતનો છે કે, અનેક મિત્રો અને સંબંધીઓને એમનાં બાળકોને વિનામૂલ્યે મળતી આ અદભૂત સવલતનો લાભ લેવા, વારંવાર ખબર આપ્યાં છતાં, હજી સુધી કોઈએ આ બાબત રસ લીધો હોય એવું જાણવા મળ્યું નથી.

## અંતરયાત્રા

સુજાની અંત્રયાત્રા માટે સૌથી પ્રથમ આભાર માનવાનો હોય તો ભૂતકાળ ફંફોસવો પડે. દેશમાં વિપશ્યનાની ત્રણ શિબિરોમાં જોડાયો હતો, પણ એ શીખ્યા પછી, એનો નિયમિત અભ્યાસ થયો ન હોવાના કારણે એ ક્રિયા માત્ર જ્ઞાનના સ્તરે જ રહી ગઈ હતી.

એમાં સૌથી પહેલી શરૂઆત આગળ જણાવ્યા અનુસાર પૂજ્ય શ્રી. સચ્ચિદાનંદ સ્વામીએ કરાવી આપી હતી. ત્યાર બાદ આશરે ૨૦૦૭ માં બીજી શરૂઆત સુજાના જમાઈ ધર્મેન્દ્ર જાની લાયબ્રેરીમાંથી Power of Now – Eckerte Tolle લાવ્યા હતા; તેના વાંચનથી થઈ હતી.

પણ આ બધા પ્રયત્નો માત્ર જ્ઞાન પ્રાપ્તિથી વધારે આગળ સુજાને લઈ જઈ શક્યા ન હતા.

# જાગૃતિની શરૂઆત

**૨૦૧૧, જાન્યુઆરી – અમદાવાદ**

'સુજા' – તમે દેશની મૂલાકાત વખતે મોટાભાઈને ઘેર મળવા આવ્યા છો. થોડીક વાર પછી, એમની પુત્રી કૌમુદી બહારથી થાકીપાકી આવે છે. ખભા પરનો થેલો ઊતારી સામે બેસે છે. તમને ખબર છે કે, તે આર્ટ ઓફ લિવિન્ગની શિક્ષિકા છે, અને કલોલમાં એનું શિક્ષણ આપીને આવી છે. થોડીક વાતચીત પછી તમે મનમાં સળવળતો કુતૂહલનો કીડો સંતોષવા એને પૂછો છો –

"આ આર્ટ ઓફ લિવિન્ગ શું છે?"

કૌમુદી – "એ સમજવા કે જાણવાથી તમને કશો ફાયદો નહીં થાય. તમારે એની બરાબર તાલીમ લેવી પડે, અને એનો નિયમિત અભ્યાસ કરવો પડે."

પછી તો તમે ઘેર ગયા. પણ મનમાં જવાબ ન મળવાની ચટપટી વળગી ગઈ. એકાદ અઠવાડિયા પછી, તેને વિનંતી કરી કે, એના હવે પછીના કોર્સમાં તમને સામેલ કરે. એણે તમને દાખલ પણ કરાવી દીધા. કાળક્રમે એમાં પહેલા દિવસે ગયા પછી, બીજું કામ આવવાના કારણે એ પૂરો ન થઈ શક્યો. કૌમુદીને એ ન ગમ્યું – એટલે બીજા બે ત્રણ સંબંધી અને અન્ય

વીસેક ભાઈ બહેનોની એક ખાસ બેચ બનાવી તેણે અમદાવાદમાં જ એક કોર્સ યોજ્યો.

આર્ટ ઓફ લિવિન્ગની સુજાને મળેલી આ બીજી તક પણ એના સ્વભાવ મુજબ ‘ગનાન’ મેળવવા પૂરતી જ મર્યાદિત રહી!

પણ છ મહિના પછી, જુલાઈ – ૨૦૧૧ માં અરવિન, ટેક્સાસ ખાતે યોજાયેલ રિફ્રેશર કોર્સમાં તમે ફરીથી ભરતી થઈ ગયા. એના અંતે એના શિક્ષક શ્રી. વેન્કટે પ્રતિજ્ઞા લેવડાવી કે,

‘ચાલીસ દિવસ એની સાધના ચાલુ રાખીશ. જો એકાદ દિવસ પડે તો વાંધો નહીં, ફરીથી એકડે એકથી શરૂઆત કરીન નવા ચાલીસ દિવસ સાધના કરીશ.“

અને......એ બીજી નાનકડી સૂચના કામ કરી ગઈ! સુજા – તમે બરાબર ચાલીસ દિવસ યોગ, પ્રાણાયમ અને સુદર્શન  ક્રિયાની સાધના પૂરી કરી શક્યા.

બસ – એ ઘડી અને એ સતત મહાવરો – આજના દિન સુધી એ અભ્યાસ જારી રહી શક્યો છે. અલબત્ત એમાં પણ ઘણીવાર ઘણી ચૂક થઈ છે. પણ દસ વર્ષના મહાવરાના કારણે, શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરી મનના પ્રવાહો અને આવેગો પર નજર રાખી શકવાની આદત તમને હવે ‘સહજ’ બની ગઈ છે. એના ફાયદા સ્વયંસંચાલિત રીતે ( automatically) મળતા થવાના

કારણે, એ પધ્ધતિ કામ કરે છે –એ વિશ્વાસ તમારા ચિત્તમાં વજ્રલેપ બની ગયો છે.

# નિજદોષપરિક્ષણ

આવી જ બીજી શરૂઆત ૨૦૦૯ માં એક સ્થાનિક મિત્ર હેમંત પંડ્યાના સૂચનથી ‘દાદા ભગવાન’ ના સત્સંગમાં જવાને કારણે થઈ. નિજદોષપરિક્ષણ જેના પાયામાં છે, એવી એ જૈન દર્શનની પદ્ધતિ ‘અહં’ પર સતત નજર રાખવા માટે સૌથી વધારે અસરકારક જણાઈ છે. એનો એક અનુભવ આ રહ્યો –

# વોલમાર્ટમાં શોપિંગ કાર્ટ

**માર્ચ - ૨૦૧૩**

તે દિવસે સવારે વોલ માર્ટમાં રોજબરોજની ચીજો ખરીદવા ગયો હતો. ઘણી ચીજો લેવાની હતી; એટલે દરવાજા પાસેથી શોપિંગ કાર્ટ લીધું. પહેલી જરૂરી ચીજ એમાં મૂકવા એક ગલીમાં ગયો. પણ મારે કામની ચીજ મળી નહીં. શોધતાં શોધતાં બીજી ગલીમાં હશે એમ માની, કાર્ટ ત્યાં જ મુકી તે ગોતવા ગયો.

એ ચીજ તો તરત મળી ગઈ; પણ એ લઈને પાછો આવ્યો, ત્યારે કાર્ટ ગાયબ! ગલીના બીજા છેડે એક માણસ કાર્ટ લઈને દૂર જતો દેખાયો. હું બીજી ગલીમાં ગયો, ત્યારે તો માત્ર મારું કાર્ટ જ ત્યાં હતું. 'ચોક્કસ આ માણસને એની જરૂર પડી હશે; અને છેક દરવાજા સુધી જવાને બદલે એ નધણિયાતું કાર્ટ તેણે લઈ લીધું હશે.'

મારા સ્વભાવ મૂજબ, હું એ કાર્ટની માંગણી કરવા એના તરફ પ્રયાણ કરવા જતો જ હતો; અને અટકી ગયો. 'હશે! એને ઊતાવળ હશે. ભલે એ લઈ જાય. હું તો નવરો ધૂપ છું; અને આમેય ચાલવાનો મહાવરો પાડવાની મને જરૂર છે.' – એ વિચારે મેં જોયું ન જોયું કર્યું, અને બીજું કાર્ટ લેવા દરવાજા તરફ વળ્યો.

પણ આખા રસ્તે, એ માણસ તરફ થોડોક અણગમો, અને મારે ચાલવું પડ્યું, તે માટે નાનકડી હતાશા મનમાં ઘેરાયેલાં હતાં.

દસેક સેકન્ડ મન આમ વિક્ષુબ્ધ રહ્યું. પણ પછી 'દાદા ભગવાન' નો ઉપદેશ યાદ આવી ગયો. "એ માણસ પણ મારા જેવો જ શુદ્ધાત્મા છે. એને માટે મેં ભાવ ખરાબ કર્યો, એ ઠીક ન થયું. ભૂલ તો મારી જ હતી ને? એમ કાર્ટ નધણિયાતું મેલીને જઈએ; તો કોઈક લઈ જ જાય ને? મેં ક્લેશ ભોગવ્યો, એટલે 'ભોગવે એની ભૂલ' એ ન્યાયે ભૂલ મારી જ. એ માણસ માટે ભાવ બગાડ્યો , એ માટે એની માફી માંગું છું." એ સાથે જ મનની બધી વ્યગ્રતા ગાયબ થઈ ગઈ. સુ.જા. હળવો ફૂલ, અને એનો શુદ્ધાત્મા પ્રસન્ન!

આમ તો આ સાવ નાનો પ્રસંગ છે. પણ આવા અનેક – અને અમૂક તો ઘણા ગંભીર કહી શકાય તેવા – પ્રસંગોએ પણ આમ જ તત્ક્ષણ ક્ષમાયાચના માંગતા રહેવાની વૃત્તિ વધતી જાય છે. ભૂતકાળની તલવારબાજીઓને અને એનાથી ખળભળી જતી મનની અવદશાઓને અલવિદા!

## જાગૃતિમાં હરણફાળ

આ બધી અનુભૂતિઓએ સુજાને નવી નવી દિશાઓ જરૂર આપી, પણ પોતાની કાબેલિયતનો અહં અને કર્તાભાવ હજુ વારંવાર ફૂંફાડા માર્યા કરતા હતા. આના પ્રતાપે અન્યને જેવા હોય, તેવા સ્વીકારી શકવા જેવી કાબેલિયત વિકસી શકતી ન હતી. બ્લોગિંગ પૂરબહારમાં હતું એ વખતે એ માધ્યમ દ્વારા જ કલ્યાણ મિત્ર શરદ ભાઈ શાહના પરિચયમાં આવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. એમની સાથે આ બાબત ઘણી ચર્ચા અને ઉગ્ર વાદ વિવાદ પણ થતા. ૨૦૧૦ ની સાલમાં અમદાવાદની મુલાકાત દરમિયાન એમની ઓફિસમાં સાક્ષાત મુલાકાત થઈ. એ વખતે તેમણે તેમના ગુરૂ શ્રી. બ્રહ્મવેદાન્ત સ્વામીની વાત કરી, અને માધવપુર, ઘેડમાં આવેલા એમના આશ્રમના ફોટા બતાવ્યા. એ વખતે તો સમયના અભાવે ત્યાં જઈ ન શકાયું. પણ ૨૦૧૨ની સ્વદેશયાત્રા વખતે અમે બન્ને અમદાવાદથી ત્યાં ગયા અને તેમના ત્યાં આવેલા ફ્લેટમાં ત્રણ દિવસ રહ્યા. સ્વામીજીની દિવ્ય કાંતિ અને સીધા દિલમાં ઊતરી જાય તેવાં, સાવ સરળ ભાષામાં બે પ્રવચનો પણ

સાંભળ્યા. એમને પથ્થરની જૂની ખાણોમાં ખોદકામ કરતા શિષ્યોને દોરવણી આપતા અને જાતે સાવરણાથી સફાઈકામ કરતા પણ જોયા.

આમ છતાં સુજાની સાચી જાગૃતિ આવવાની ઘડી બે વર્ષ દૂર હતી. એ અંતરાલ પછી છેવટે શરદ ભાઈએ કહ્યું,"સુરેશ ભાઈ! હવેની વખતે તમે આવો ત્યારે, ગુરૂજીની જાતે જ પૂછી લેજો. "

એ સુભગ ક્ષણનો અનુભવ આ રહ્યો –

## <u>સ્વામીજી સાથે અંગત સંવાદ</u>

### ૨૦૧૩, જાન્યુઆરી, ઓશો આશ્રમ, માધવપુર, ઘેડ

સવારનું સ્વામીજીનું પ્રવચન પતી ગયું છે. શરદભાઈએ સ્વામીજીને ઘેર એમની સાથે અંગત મુલાકાત ગોઠવી આપી છે. લક્ષ્મીકાન્તભાઈ ઠક્કર અને શરદભાઈ સાથે સુજા પહોંચી જાય છે. શરદભાઈતો ત્યાંના સ્ટાફ સાથે આગળના નાના મેદાનની સફાઈના કામમાં જોડાય છે. લક્ષ્મીકાન્તભાઈ અને સુજા વરંડામાં બેઠેલા સ્વામીજીને વંદન કરી એમની સામેની ખુરશીમાં બેસે છે. થોડીક ઔપચારિક વાતો પછી –

સ્વામીજી – "બોલો, શું સંશય છે?"

સુજા – "કર્તાભાવ જતો નથી. સ્વીકારભાવ આવતો નથી, અને શરણાગતિભાવ તો કદી આવશે જ નહીં - એમ લાગે છે.

સ્વામીજી આંખો મીંચી દે છે. બે ત્રણ મિનિટ વીતી જાય છે. સંશયાત્મા સુજાને વળી સંશય થાય છે કે, સ્વામીજી તેના આટલા ટૂંકા સવાલ કદાચ ન સમજ્યા હોય. પણ સ્વામીજી આંખો ખોલી, પ્રેમાળ નજરથી સુજાની આંખોમાં આંખ પરોવી કહે છે. "તમે તમારી જાતનો સ્વીકાર કરો છો ખરા?"

સુજા – "ના. હું બરાબર નથી. બહુ સુધરવાની જરૂર છે."

સ્વામીજી – "બસ, આ છોડી દો. તમે જો જાતને જ સ્વીકારતા નથી, તો બીજાનો સ્વીકાર શી રીતે કરી શકશો?"

અચંબો પામીને સુજા – "પણ તો તો આગળ શી રીતે વધાય?"

અને સ્વામીજીએ બ્રહ્માસ્ત્ર છોડ્યું, "કશે જવાનું  જ નથી. કશું બનવાનું જ નથી. આપણે જેવા છીએ, તેવા જ રહેવાનું છે. આપણને જેવા બનાવવામાં આવ્યા છે – તે બરાબર જ છે. માત્ર આપણે જે કાંઈ વિચારીએ કે કરીએ, તે જોતાં થવાનું  છે."

અને એકાએક સુજાના મનનો બધો અંધકાર/ નિર્વેદ ગાયબ બની ગયા. અહોભાવથી અંતર છલકાઈ ગયું અને તે બોલ્યો," એ તો સાવ સહેલું છે."

સ્વામીજી – " હા! એમાં કાંઈ જટિલતા છે જ નહીં. જેમ જેમ આમ જોતાં થશો તેમ તેમ, કર્તાભાવ એની મેળે ઓગળતો જશે. જે કરતા હો તે કરતા રહો. કાંઈ છોડવાનું છે જ નહીં. માત્ર સતત જાગૃત રહો – મોજમાં રહો. અહંને ઓગાળવાનો 'અહં' -પણ નહીં રાખવાનો. એની મેળે જ એ સરતો  જશે. 'કર્તા ભાવ કાઢવો છે' – એ જ સૌથી મોટો કર્તાભાવ છે, અહં છે!"

સુજા – “પણ શરણાગતિનું શું? “

સ્વામીજી – “ એ પણ એની મેળે જ ખીલતી જશે. જેમ જેમ, ‘બધું જેમ છે, તે બરાબર છે.’ એ સ્વીકારતા થશો પછી એની મેળે શરણાગતિ આવવા માંડશે. એ માટે પણ કશી જહેમત કરવાની નથી.”

સુજા – “શરણાગતિ થાય પછી કશું  નહીં કરવાનું?”

અને છેલ્લું બ્રહ્માસ્ત્ર......

 સ્વામીજી – “નમાલા, હારી ગયેલાની કદી શરણાગતિ ન થાય. એ તો વીર સૈનિક વરસતી ગોળીઓ વચ્ચે દેશને ખાતર જાનની આહૂતિ આપે, તેમ પરમ ચેતનાને આપણા સમગ્ર અસ્તિત્વનું  સમર્પણ. આપણા કાર્યમાંથી એક ડગલું પણ પીછેહઠ કરવાની નથી. એનું ફળ મળે કે ન મળે, પૂર્ણ નિષ્ઠાથી અને પૂર્ણ આનંદથી કામગરા રહેવાનું છે. આ શૂરાનો માર્ગ છે – થાકેલા/ હારેલાનો નહીં“

સુજા- “ અર્જુનની જેમ?”

સ્વામીજી – “એને તમે જોયો છે? !”

સુજા – “ ના, વાંચેલું છે.”

સ્વામીજી – “ એ બધાં શાસ્ત્ર કાંઈ કામ ના આવે. એની તમારે કશી જરૂર નથી. તમારે જાતે હેંડવું પડશે -આંખો ખુલ્લી રાખીને.”

અહોહો! બધા સંશય ટળી ગયા. હવે બસ ચાલવાની મજા, જીવવાની મજા- હરેક ક્ષણ - જાગતા રહીને. કોઈને માટે દ્વેશ નહીં, કોઈની પ્રશંસાની જરૂર નહીં. કોઈ દ્વેશ કરે, તે માટે મનમાં કોઈ ભાર નહીં. કોઈ પાસેથી કશી અપેક્ષા નહીં"

અમે બન્ને પ્રણામ કરીને સ્વામીજીની રજા લીધી. બસ. એ ઘડી સુજાની ઘોર નિદ્રા ગાયબ થઈ ગઈ.

## બાળપણ

દસ વર્ષ સુધીની ઉમરની મોટા ભાગની યાદો વિસરાઈ ગઈ છે, પણ એ ગાળામાં મળેલ સંસ્કારો જ જીવનના પોતના પાયામાં ધરબાયેલા છે. માબાપ અને ભાઈ ભાંડુ પાસેથી મળેલી એ અમૂલ્ય વિરાસતને યાદ કરવી જ રહી. એ ગાળાનો એક યાદગાર અનુભવ –

## ૧૫, ઓગસ્ટ – ૧૯૪૭

એ સપ્પરમો દિવસ બરાબર યાદ છે. અમારાં બહેન, બાપુજી અને અમે ત્રણ ભાઈઓ રણછોડજીની પોળ, સારંગપુર, અમદાવાદમાં આવેલા અમારા મકાનમાં રહેતાં હતાં. (અમારી બાને અમે બહેન કહેતા હતા.) હું ત્યારે માંડ સાડા ચાર વરસનો હતો. એ દિવસે, અમને ત્રણ ભાઈઓને સાથે લઈને, અમારા બાપુજી અમદાવાદના ભદ્રના કિલ્લા પાસે લઈ ગયા. હતા.

મારા બાપુજી મને તેડે એ મને બહુ ગમતું. પણ એ મને હવે ચાલવાનો જ આગ્રહ કરતા હતા. હું ચાલીને બહુ જ થાકી ગયો હતો. આટલા બધા રાક્ષસ જેવા ઊંચા માણસોની વચ્ચે ચાલતાં મને બીક પણ લાગતી હતી. સાંજનું અંધારું થઈ ગયું હતું. પણ રસ્તા પર માણસોની ભીડ પાર વિનાની હતી.

મને એટલું જ યાદ છે કે, હું સખત થાકેલો હોવા છતાં આજુબાજુ ટોળામાંના બધા માણસો અત્યંત ખુશ હતા - તે મને બહુ જ ગમ્યું હતું. મોટેથી બરાડી બરાડીને કાંઈક બોલતા હતા. ( કદાચ ‘જયહિંદ’ અથવા ‘ભારતમાતાકી જય’ હશે.) અને મને એનાથી કોઈક અજાયબ લાગણી થતી હતી. કાંઈક હરખ થાય એવું બની ગયું હતું; કે બનવાનું હતું.

‘ગુલામી શું? આઝાદી શું?’ એવા બધા અઘરા વિચારો મારા નાનકડા મગજમાં હજુ પ્રવેશી શકે, તેમ ન હતું. પણ એ થાક અને હર્ષની મિશ્રિત લાગણી આટલાં વર્ષે પછી પણ તરોતાજા છે.

પછી ભીડને કારણે બાપુજીએ મને તેડી લીધો. એ આનંદના અતિરેકમાં બેય મોટા ભાઈઓનું અનુકરણ કરીને હું પણ તાળીઓ પાડવા માંડ્યો હતો. ચારે બાજુ અપ્રતિમ ઉલ્લાસ છવાયેલો હતો. હરખના સરોવરમાંથી, આનંદના ઓઘ અને ધોધના ઢગલે ઢગલા, ઢળી ઢળીને છલકાઈ રહ્યા હતા.

અને પાછા ઘેર જતાં અમારા બાપુજીએ ‘ચન્દ્રવિલાસ’નાં (એ વખતના રિચી રોડ, હાલના ગાંધી માર્ગ, પરની દેશી હોટલ) ફાફડા-જલેબી ખવડાવ્યાં હતાં. મારા મોટાભાઈને ડરતાં ડરતાં મેં કાનમાં પૂછ્યું હતું કે, “સિનેમા કહે છે – તે આ છે?!” બાપુજી આ સાંભળી; હોટલ ‘કોને કહેવાય,અને સિનેમા

કોને?' તે વિશે અમારાં અજ્ઞાન અને ભોળપણ જોઈ, પોતાના પુત્રોના સંસ્કાર માટે આનંદિત થયા હતા; એવું પણ આછું આછું યાદ છે.

ઘેર આવ્યા ત્યારે ફાનસના આછા ઉજાસમાં હું ક્યારે પોઢી ગયો તે ખબર ન પડી. પણ અમારી બહેનના મોં ઉપર બધી વાતો સાંભળી; જે આનંદ અને ઉલ્લાસ જોયાં હતાં તે પણ હજુ યાદ છે.

ત્યાર બાદ તો  સ્વાતંત્ર્યદિનની અનેક ઉજવણીઓ જોઈ છે. ધ્વજવંદનો કર્યાં છે. શાળામાં ક્વાયત કરીને ધ્વજને છટાભરી સલામી આપી છે. બેન્ડના સૂર સાથે ' જન ગણ મન' ગાયું છે. ટીવી ઉપર લાલ કિલ્લા પરથી થતું ધ્વજવંદન અને પ્રધાનમંત્રીઓનાં પ્રવચનો પણ સાંભળ્યાં- જોયાં છે. પણ સ્વતંત્રતાના જન્મ વખતની એ સાદગી, એ ઉત્સાહ અને માતૃભૂમિ માટેનું એ વખતના લોકોનું ગૌરવ; આજે અમેરિકન નાગરિક બની ગયો છું; છતાં પણ ભૂલ્યાં ભૂલાતાં નથી.

# શિક્ષણ

માધ્યમિક શિક્ષણ કોઈ પણ વ્યક્તિના બૌદ્ધિક વિકાસ માટે બહુ  અગત્યનું તત્વ હોય છે. મારી બુદ્ધિના વિકાસમાં એ ગાળાની અનેક યાદો તાજી છે. કોલેજ અભ્યાસ કાળની શરૂઆતમાં શરીરને સતત સતાવતી રહેતી દમની વ્યાધિની શરૂઆત પણ એ જ અરસામાં થયેલી. એની બે યાદ આ રહી -

# નવ્વાણું માર્ક

**માર્ચ – ૧૯૫૮**

હું ભણવામાં ઠીક ઠીક હોંશિયાર હતો. ગણિત, વિજ્ઞાન, ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત આ વિષયોની પરીક્ષામાં હમ્મેશ મારા વર્ગમાં હું સૌથી વધારે માર્ક લઈ આવતો. અમારી શાળામાં દરેક ધોરણમાં ચાર વર્ગ રહેતા. દસમા ધોરણમાં બધા હોંશિયાર વિદ્યાર્થીઓને એકઠા કરી એક અલાયદો વર્ગ 'ક' બનાવાતો - જેથી અગિયારમા ધોરણની એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ઝળકી શકે તેવા હોંશિયાર વિદ્યાર્થીઓ પર શિક્ષકો ધ્યાન કેન્દ્રિત કરી; તેમને એ મેરેથોન દોડ માટે તૈયાર કરી શકે.

આ વાત દસમા ધોરણની વાર્ષિક પરીક્ષાની છે. હું અલબત્ત 'ક' વર્ગમાં હતો અને ક્લાસમાં મારો પહેલો નમ્બર આવ્યો હતો. ગણિત સિવાય બધા વિષયમાં  આખા વર્ગમાં મારા  સૌથી વધારે માર્ક આવ્યા હતા. આવું કદી બન્યું ન હતું. સમાજશાસ્ત્ર અને હિંદીમાં પણ મને સૌથી વધારે ગુણ મળ્યા હતા; પણ ગણિમાં દર વખતે ૧૦૦ માર્ક લાવનાર મને ૯૯ માર્ક જ મળ્યા હતા. આટલા સારા પરિણામ છતાં હું ખિન્ન થઈ ગયો. મેં બારમાંથી આઠ સવાલ જ નહીં, પણ ત્રણ કલાકના પેપરમાં બારે બાર સવાલના જવાબ આપ્યા હતા. છતાં પણ આમ કેમ બન્યું?

પરિણામ મળ્યા બાદ છૂટીને હું અમારા ગણિતના શિક્ષક શ્રી. ચિતાણિયા સાહેબ પાસે રડમસ ચહેરે ગયો અને ડરતાં ડરતાં પૂછ્યું," મને

નવ્વાણું માર્ક આપ્યા છે તો મારી ભૂલ કયા પ્રશ્નમાં થઈ છે તે મને જણાવશો?"

સાહેબ બોલ્યા, " ભાઈ! જો, તેં બારે બાર સવાલ સાચા ગણ્યા, તે વખાણવા લાયક છે. રીત પણ બરાબર છે; અને અક્ષર પણ સારા છે. ભૂમિતિની એક સાબિતી તો તેં બે રીતે આપી છે. આટલું બધું કામ ત્રણ કલાકમાં ભાગ્યે જ કોઈ કરી શકે."

મેં કહ્યું, " તો સાહેબ! મારો એક માર્ક કેમ કાપ્યો?"

સાહેબ બોલ્યા," તું મને મળવા આવે તે માટે મેં આમ કર્યું. મને ખબર જ હતી કે તું મને મળવા જરુર આવશે."

હવે મારાથી ન રહેવાયું. હું લગભગ રડી જ પડ્યો અને બોલ્યો,"તો સાહેબ! મારો વાંક શું?"

સાહેબે છેવટે કહ્યું," જો, ભાઈ! તેં ઉત્તરવહી ઉપર પહેલા જ પાને લખ્યું છે કે, 'ગમે તે આઠ જવાબ તપાસો.' આ તારું અભિમાન બતાવે છે. એ તારા અભિમાનનો એક માર્ક મેં કાપ્યો. એકાદ જવાબમાં તારી ભૂલ થઈ હોત; અને મેં તેના માર્ક કુલ માર્કમાં ગણ્યા હોત તો તને દસેક માર્કનો ઘાટો પડત. મેટ્રિકમાં બોર્ડમાં નમ્બર લાવનારાઓમાં એક એક માર્ક માટે રસાકસી હોય છે. તેમાં આવું થાય તો? એનાથીય વધારે, તારી હોંશિયારી તને જીવનમાં કામ લાગશે; તેના કરતાં વધારે આ અભિમાન તને નડશે. "

મેં કાનપટ્ટી પકડી લીધી અને ચિતાણિયા સાહેબને હ્રદયપૂર્વક નમસ્કાર કર્યા. ત્યાર બાદ જ્યારે જ્યારે મારા જીવનમાં ગર્વ લેવા જેવા પ્રસંગો આવ્યા છે ત્યારે ત્યારે મને એ ચિતાણિયા સાહેબ અને એ નવ્વાણું માર્ક યાદ આવી જાય છે.

# એન્જિનિયરિંગમાં પ્રવેશ

**૧૯૬૧ માર્ચ**

એસ.એસ.સી. પછી બે વર્ષ  ગુજરાત કોલેજમાં વિજ્ઞાનના અભ્યાસમાં ગાળ્યા; એ દરમિયાન ભૌતિકશાસ્ત્રમાં અનહદ રસ પેદા થયો હતો. એ વખતે ઇન્ટર સાયન્સની પરીક્ષા બાદ કઈ લાઈનમાં જવું એ વિકલ્પ નક્કી કરવાનો હોય છે. નસીબવાળા હોય તે એન્જિ. કે મેડિકલમાં પ્રવેશ મેળવી શકે.

બધા એન્જિ. કે મેડિકલ લાઈનમાં પ્રવેશ મેળવવા આદુ ખાઈને મચી પડતા હોય છે. પણ સુજાએ તો મનોમન નક્કી કર્યું હતું કે, બી,એસ.સી અને પછી એમ.એસ.સી. નો અભ્યાસ કરવો અને વૈજ્ઞાનિક બનવું.

પરીક્ષા એ જ મિજાજમાં કોઈ ખાસ તૈયારી વિના આપી. વેકેશનમાં મોટાભાઈનો કોન્ટ્રાકટ વેરાવળમાં ચાલતો હતો , ત્યાં આખું કુટુંબ ગયું હતું. ભાઈ સાથી વાતચીતમાં મારો આ ઈરાદો મેં એમને કહ્યો . એમને તો આનાથી બહુ આઘાત લાગ્યો અને બાપુજીને વાત કરી. બધા મારી ઉપર લગભગ ટૂટી જ પડ્યા. ‘એમ.એસ.સી. થઈન માસ્તર જ બનવાનું ને?‘ કુટુમ્બીજનોના આ માનસિક દબાણ સામે વિદ્રોહ કરી મનમાની કરવા જેટલી

હિમ્મત સુજામાં ન હતી. પરીક્ષાનું પરિણામ આવ્યું ત્યારે બહુ સારા માર્ક મળ્યાની જાણ થઈ. એન્જિ.માં પ્રવેશ માટે કમને ફોર્મ ભર્યું; અને સૌથી વધારે મુશ્કેલ એવી મિકે. એન્જિ. શાખામાં અમદાવાદની કોલેજમાં પ્રવેશ પણ મળી ગયો .

પણ અંતરમાં તો ઘોર પાતાળમાં વિનિપાત થયો હોય તેવી હતાશા હતી. કોલેજ ચાલુ થઈ. બધાં વ્યાખ્યાનો અંગ્રેજીમાં જ. ગુજરાતી માધ્યમમાં તે કાળ સુધી ભણેલા આ જણને કશી સમજ ન પડે. વળી વર્કશોપમાં મજુરી પણ કરવી પડી. જોગાનુજોગ ઊંટાટિયાનો જબરો ઉત્પાત ઊપડ્યો અને કાયાને સાવ નિર્બળ કરી નાંખી. સારા ડોકટરની દવાને કારણે એ શમી તો ગયો, પણ ચારેક મહિના કોલેજ જઈ ન શકાયું. અત્યંત દારૂણ હતાશા અને શારીરિક નિર્બળતાના અંતે કોલેજ તો ચાલુ થઈ અને પહેલા વર્ષની પરીક્ષા પણ આપી શક્યો. પણ માંડ પ્રથમ વર્ગ આવ્યો હતો.

એ સમો તો વીતી ગયો, અને એન્જિ. ના અભ્યાસમાં મન પણ પરોવાયું. પણ જીવનભર સતાવતો દમ હમ્મેશનો સાથી બની ગયો.

## કાર્યકાળ

૧૯૬૫ના એપ્રિલ મહિનામાં શિક્ષણની સમાપ્તિ થઈ. તરત જ આંધ્ર પ્રદેશના રાજામુન્દ્રી શહેરમાં આવેલી પેપર મીલમાં મોટા ભાઈની ભલામણથી નોકરી મળી. આઠ મહિના પછી અમદાવાદ ઈલિક્ટ્રિસિટી

કમ્પનીમાં નોકરી મળી જતાં સુજા અમદાવાદ આવી ગયો. આમ ડિસે. – ૧૯૬૫ થી ડિસેમ્બર ૨૦૦૦ સુધી ( વચ્ચે બે વર્ષના ગાળાને બાદ કરતાં) ત્યાં જ વ્યવસાયી જીવન પસાર થયું. એ કાળની તો ઘણી બધી યાદો તાજી છે. એમાંની ઘણી બધી યાદો ‘ સુર- સાધના’ બ્લોગ પર પ્રકાશિત કરેલી છે. પણ એમાંના ત્રણ પ્રસંગો આ રહ્યા –

# પહેલો પગાર

**मेरे गुलशनकी फीजाओमें बहार आ जाये**
**पहली तारीखसे पहले पगार आ जाये.**

પહેલી તારીખની પગારદાર માણસ કેવી આતુરતાથી રાહ જોતો હોય છે? પે-સ્લિપ એ સામાન્ય માણસના જીવનનો સૌથી વધુ ગમતો કાગળ હોય છે! ઓફિસના ટેબલ પરના ઇન-બોક્સમાં આવતો તે સૌથી વધુ ચિત્તાકર્ષક કાગળ હોય છે. પ્રિયતમાના પ્રેમપત્રની જેમ તેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હોય છે!

પણ જીવનનો પહેલો પગાર તો સૌથી સુખદ ઘટના હોય છે. અહીં મારા પહેલા પગારની વાત કરવાની છે.

મારી બાવીસ વરસની એ ઉમ્મર સુધી મને રુપિયા મેળવવાનો  ખાસ અનુભવ ન હતો. બેસતા વરસની બહોણી કે, જન્મદિને ચાર આઠ આનાની બોણી કે, મામાને ઘેર શ્રાધ્ધનું જમવા ગયા હોઈએ, ત્યારે ભાણિયાને દાનમાં

અપાતા ચાર આઠ આના.. આ સિવાય પોતાની આવક શું કહેવાય - તેનો કોઈ પ્રત્યક્ષ ખ્યાલ મને ન હતો.

હું મારા ભણતરના છેલ્લા વર્ષની છેલ્લી પરીક્ષા આપીને મે વેકેશનની આરામદાયક પળોમાં લાયબ્રેરીની ચોપડી વાંચી રહ્યો હતો; ત્યાં રાજામુન્દ્રીથી ( આંધ્ર પ્રદેશ) મોટાભાઈનો તાર આવ્યો કે, 'પેપર મીલમાં સુરેશની નોકરી પાકી છે. તેને તરત અહીં મોકલી આપો.' અને આપણે તો બાપુ ઉપડ્યા.

પહેલી નોકરી મેળવવી કેટલી દુષ્કર હોય છે? પણ મને તો ભાઈની લાગવગથી, કોઈ અનુભવ ન હોવા છતાં અને કોઈ અરજી કર્યા વિના નોકરી મળી ગઈ. આપણે તો બાપુ નોકરિયાત બની ગયા – અલબત્ત શીખાઉ તરીકે કશું કામ કરવાનું હતું જ નહીં. નવી મીલ બની રહી હતી, અને હજુ તો સિવિલ કામ ચાલતું હતું. અમારું મિકેનીકલ મશીનરી ગોઠવવાનું કામ તો બે ત્રણ મહિના પછી શરૂ થાય તેવી વકી હતી. એટલે અમે નવાસવા ચાર પાંચ શિખાઉઓને ફેક્ટરી અને મશીનરીના ડ્રોઈંગનો અભ્યાસ કરવાનું કહ્યું હતું. નવોસવો ધસમસતો ઉત્સાહ અને સરખે સરખાની સંગત. વસંતમાં ગુંજતા ભમરા જેવો તરવરાટ અમારા હોવાપણામાં છલકાતો હતો. વળી કંટાળીએ એટલે એકબીજાને ભાષા શીખવવાની પ્રવૃત્તિ પણ ખરી જ. હું આન્ધ્રવાસીઓને હિન્દી શીખવતો, અને એ લોકો મને તેલુગુ.

પણ બધાના દિલમાં ખરેખરી આતુરતા હતી – પહેલો પગાર મેળવવાની. હું તો ૩૧મી મેના દિવસે જોડાયો હતો. એટલે મને તો એમ કે, 'થોડોજ એક દિવસનો પગાર મળે? આવતા મહિને જ મળશે'. છેવટે મારે માટે નસીબદાર એ સાતમી તારીખ આવી પહોંચી. હવે વાત જાણે એમ છે

કે, અમારી એ મારવાડી કમ્પનીમાં પગાર પહેલી તારીખે નહીં પણ પછીના મહિનાની સાતમી તારીખે થતો. એટલે પહેલી તારીખ નહીં પણ સાતમી તારીખનો બધાને ઈંતજાર રહેતો. બીજા મિત્રો તો પગાર લેવા ઊપડ્યા. હું તો મારી ખુરશી પર બેસી રહ્યો હતો. ત્યાં એક અનુભવીએ કહ્યું ," અલ્યા, જાની! ચાલ તનેય કદાચ પગાર મળશે."

આપણે તો બાપુ! હરખમાં અને નવીસવી ઉત્કંઠાથી તેમની સાથે જોડાયા હોં! અમારું બધું હાઉસન જાઉસન ચીફ કેશીયર શ્રી. લાહોટીજીની પનાહમાં પહોંચી ગયું. અમે બધા લાઈનમાં ઉભા રહી ગયા. હવે ત્યાં એવી સીસ્ટમ કે, ગમે તેવો મોટો ઓફીસર ના હોય, બધાને પગાર રોકડો જ મળે. હા, જનરલ મેનેજર જેવાને લાહોટીજી જાતે તેમની ઓફિસમાં જઈને આપી આવે. પણ મારા ભાઈ જેવા ચીફ એન્જીનીયરને પણ એ લાઈનમાં ઊભા રહેવું પડતું.

લાહોટીજીની પ્રશંસા કરતા બધા લાઈનમાં ઊભા હતા. એક જૂના જોગી બોલ્યા," અરે, ભાઈ, નોકરી ભલે સોમાણીજીની કરીએ; પણ લક્ષ્મી તો લાહોટીજીની મહેરબાનીથી જ મળે." લાહોટીજીને પણ આ પ્રશંસા બહુ જ ગમતી. ધીરજના અંતે મારો વારો આવ્યો. કપાળમાં મોટ્ટો ચાંલ્લો કરેલા લાહોટીજીએ તેમના નાકની છેક કિનારે ઊતરી આવેલા ચશ્મા ઉપરથી ચૂંચી આંખે મારી તરફ નજર કરી; આ નવા નક્કોર પ્રાણીને ધ્યાનથી નિહાળ્યો અને વદ્યા," वो सिविल ईन्जीनियर जानी सा'बके छोटे भाई होते हो ना?!"

મેં ગભરાતાં ગભરાતાં ડોકું ધુણાવી હા પાડી. અને તરત લક્ષ્મીનારાયણ સોમાણીના એ સેવકે પગાર પત્રકમાં પહેલાં મારી સહી લીધી, અને પછી એક દિવસના પગારના બરાબર અઢાર રૂપિયા પકડાવી દીધા. એ પહેલો પગાર હાથમાં આવતાં વીજળીના તારને અડ્યો હોઉં એવી ઝણઝણાટી મારા અંગ પ્રત્યંગમાં વ્યાપી ગઈ. એ નવી નક્કોર નોટોનો સુંવાળો સ્પર્શ અને તેની મીઠી સુગંધ મનને તરબતર કરી ગઈ. નોટો ગણવા જેવી ધીરજ જ ક્યાં હતી? હું તો લાઈનમાંથી બહાર જવા નીકળ્યો. તરત લાહોટીજીએ ટપાર્યો," एय, लडके! हमेश रूपैया गीनना सीख।" બાપાએ શીખવાડેલું એ અમદાવાદી જ્ઞાન લાહોટીજીએ તાજું કરાવી દીધું.

મનમાં નક્કી કરી રાખ્યું હતું તેમ, પગારની આ માતબર રકમ ખીસ્સામાં ઘાલીને હું તો મીલના કમ્પાઉન્ડની બહાર આવેલી પોસ્ટ ઓફિસમાં પહોંચી ગયો. અમદાવાદથી નીકળ્યો ત્યારે મારા બાપુજીએ સૂચના આપી હતી કે, પહેલો પગાર આવે તેમાંથી થોડીક રકમ બહેનો માટે મોકલજે. મેં પંદર રૂપિયાનો મનીઓર્ડર મારી આ પહેલી કમાણીમાંથી બહેનોના નામે મોકલી આપ્યો. બાકી રહેલી રકમ ઘેર જઈ સીધી ભાભીના હાથમાં મૂકી દીધી. મને ખીસ્સાખર્ચ કરવાની કોઈ જ ટેવ ન હતી. ઉલટાનું હવે ઘરખર્ચમાં ભાગીદાર થયાનું મને ગૌરવ હતું. ભાભીએ ના લીધા અને કહ્યું , "આમાંથી બજાર જઈ સાંજે આઈસક્રીમ લઈ આવજો." એ જમાનામાં ત્રણ જણા ખાઈ શકે એટલો આઈસક્રીમ મળતો પણ ખરો.

તમને થશે કે, 'લો, વાત પૂરી થઈ.' પણ ખરી મજાની વાત તો હવે મારા બીજા (!) પહેલા પગારની કરવાની છે.

પેપર મીલમાં છ માસ નોકરી કર્યા બાદ મને અમદાવાદમાં જ નોકરી મળી ગઈ – અંગ્રેજ વહિવટ વાળી કમ્પનીમાં, ઘર આંગણે, કોઈ તાલીમ માટે નહીં પણ સીધી નિમણૂક અને લટકાના પાંત્રીસ રૂપિયા વધારે પગારથી. ત્યાં પણ હું ૩૦મી નવેમ્બરે જોડાયો. પણ આ થોડી દેશી મારવાડી પેઢી હતી? બધા ફટાફટ અંગ્રેજીમાં જ વાત કરે. મારા જેવા મગન માધ્યમમાં ભણેલાને તો બહુ લઘુતા લાગે. કોઈની જોડે વાત કરવાની પણ હિમ્મત નહીં. એક વાક્ય અંગ્રેજીમાં બોલતાં ફેં ફેં થઈ જાય.

અહીં તો ડિસેમ્બરની સાતમી તારીખ પસાર થઈ ગઈ; પણ પગારની કોઈ વાત જ નહીં. કોઈને પૂછાય પણ શી રીતે? હું તો બાપુ મનમાં ને મનમાં મુંઝાઉં. મારી નિમણૂક કમ્પનીના મોટા સાહેબો બેસતા હતા તે માળ ઉપર ટેક્નિકલ આસિસ્ટન્ટ તરીકે થઈ હતી. મારા જેવા નાનાં મગતરાં ત્યાં કોઈ ન હતાં. મને બહુ જ મુંઝારો થતો.

હવે તો છેક સત્યાવીસમી તારીખ પણ આવી ગઈ. મને મળતી ટપાલમાં સરસ ટાઈપ કરેલી પે સ્લીપ આવી ગઈ. પણ પગાર પત્રકમાં સહી ક્યારે કરાવશે અને ક્યારે નવી નક્કોર નોટો મારા હાથમાં મળશે, તે ઉચાટ. કોને પૂછું? છેક જાન્યુઆરીની સાતમી તારીખ આવી ગઈ; પણ માળા કોઈ પગાર આપવાની વાત ન કરે. મને થયું, ‘આના કરતાં પેલા બાપની ગરજ સારે તેવા, દેશી લાહોટીજી સારા!’

છેવટે હિમ્મત કરીને અમારી ઓફિસનો પટાવાળો ચા આપવા આવ્યો હતો, તેને બીતાં બીતાં મારી હરકત જણાવી. એ તો બાપુ હસી પડ્યો.

તેણે મને કહ્યું," અરે, સાહેબ! તમે તો ઓફિસર કહેવાઓ. તમને થોડો અમારી જેમ કવરમાં રોકડો પગાર મળે? એ તો ગયા મહિનાની પચીસમી તારીખે તમારી બેન્કના ખાતામાં જમા થઈ ગયો હશે."

હું તો આ વાત માની જ ન શક્યો. પહેલી તારીખની પહેલાં પગાર પચીસમીએ, પાંચ દિવસ વહેલાં? મને તો એ વાત 'ન ભૂતો ન ભવિષ્યતિ' અથવા ' કહેતા ભી દિવાના ઔર સુનતા ભી દિવાના.' જેવી લાગી.

જેવી બપોરની રિસેસ પડી કે તરત ઓફિસની બાજુમાં આવેલી મારી બેન્કમાં હું તો પહોંચી ગયો. તપાસ કરી તો ખરેખર પટાવાળાએ કહ્યું હતું, તેમ ડિસેમ્બરની પચીસમી તારીખે મારો પગાર જમા બોલતો હતો. મનમાં થયું, ' ભઈ, વિલાયતી ઈ વિલાયતી!'

મને ખુશી તો થઈ. પણ લાહોટીજીના હાથેથી મળેલા એ અઢાર રુપીયાનો સ્પર્શ ક્યાં; એ સુગંધ ક્યાં; અને એ બાપની મમતા જેવી સલાહ ક્યાં? પછી તો હજારો રૂપિયાના પગાર સુધી પહોંચ્યો પણ ... એ પહેલો પગાર તે પહેલો પગાર. એની કોઈ મિસાલ જ નહીં.

# સ્લમમાં સફર

૧૯૯૮ની સાલની આ વાત છે. હું તે વખતે ઈલેક્ટ્રિસિટી કમ્પનીના એક ઝોનમાં કામ કરતો હતો. મોટા શહેરોમાં વીજળીના વિતરણના કામને પહોંચી

વળવા શહેરના જુદા જુદા વિસ્તારોના નાના ઝોન અથવા વિભાગ બનાવવામાં આવે છે. મારા ઝોનના ચાર્જમાં હું હતો એટલે, બધા મને રિપોર્ટ કરતા હતા. આવા ઝોનમાં તો જાતજાતના  અને ભાતભાતના કામો હોય. એક નાનકડી કમ્પની જ જોઈ લો. વીજળીની ચોરી પકડવાનું અને અટકાવવાનું  કામ પણ આના એક ભાગ રૂપે. બહુ જ ગંદું, મુશ્કેલ અને ભયજનક, પણ અત્યંત જરૂરી આ કામ. મારો ઝોન અમારી કમ્પનીમાં સૌથી મોટો. એટલે બધી જાતના ઘરાકો અમારા વિસ્તારમાં હતા.

એક દિવસ અમારા મિટર રીડિંગ ખાતાના અધિકારીએ ચર્ચા દરમિયાન એવો રીપોર્ટ આપ્યો કે છેક બહારના ભાગમાં આવેલા ક ગામ પાસે આવેલ સ્લમ વિસ્તારમાં વ્યાપક પ્રમાણમાં ચોરીઓ થાય છે. મેં મનોમન ત્યાં ધાડ પડવાનું નક્કી કર્યું. અમે આવા નિર્ણયો અગાઉથી જાહેર નથી કરતા હોતા. બધી તૈયારીઓ પતે પછી છેલ્લી ઘડીએ જ, જગાથી એકાદ માઈલ દૂર હોઈએ, ત્યારે સ્થળનું નામ,  જાહેર કરીએ, જેથી ગુપ્તતા જળવાય અને માહિતી ગુનેગારોને પહોંચી ન જાય.

બહુ મોટો  વિસ્તાર હતો, અને મને પણ સ્લમ વિસ્તાર જોવાની ઈચ્છા હતી, માટે હું પણ આ ધાડની કામગીરીમાં જોડાયો. અમારી ફોજ બહુ  મોટી હતી. બીજા બે ખાતાંઓનો સહકાર પણ લીધેલો હતો. મારી સાથે સોએક માણસોનો સ્ટાફ, વાહનો, બંદુકધારી સિક્યોરીટી ગાર્ડ અને બીજી સામગ્રી હતાં. મારી સરદારી નીચે બધું હાઉસન જાઉસન ત્યાં પહોંચ્યું. અમે કામગીરી શરુ કરી.

આમ તો એ ઝુંપડપટ્ટી ન હતી. સરકારી ખાતાએ બાંધેલાં પાકાં મકાનો હતાં. પણ એક રૂમ અને રસોડાનાં એ મકાનો ઝુંપડપટ્ટીને પણ શરમાવે તેવાં હતાં. મકાનોની દરિદ્રતાની સાક્ષી પૂરતાં બધાં ચિહ્નો ચારે બાજુ દૃષ્ટિગોચર થતાં હતાં. દરેક મકાનને એક કેબલ  વડે પાવર મળતો હતો. અમે  જોયું કે મોટા ભાગના મકાનોમાં આવા કેબલ પર એક જગ્યાએ કાળી ટેપ મારેલી હતી, અને તેમાંથી એક પાતળો વાયર ઘરમાં જતો હતો. અમે ટેપ ખોલીને જોયું, તો તેમાં બે પાતળી ખીલીઓ ઠોકેલી હતી, અને તે ખીલીઓ સાથે પેલો પાતળો વાયર જોડેલો હતો. આમ મીટરની આગળથી જ, સાવ અણઘડ રીતે, પાવર ચોરી લેવામાં આવતો હતો.

અમે તે બધી સામગ્રી કાઢી નાંખી, અને તે મકાનને સપ્લાય આપતી સ્વિચમાંથી ફ્યુઝ કાઢી નાંખ્યા.  આ અંગેની કાયદાકીય નોટિસ પણ તે મકાનમાં હાજર બાઈને આપી દીધી. તે બાઈ તો ઓશિયાળી નજરે અમારી સામે જોઈ રહી. રડું રડું થતી તેની આંખ કાંઈક કહી રહી હતી. મને જરા ઉત્કંઠા થઈ.

મેં તે બાઈને પુછ્યું -" તમારે કાંઈ  કહેવું છે?"

ડૂમાથી રુંધાયેલા અવાજે તે બોલી." સાયેબ! હો રૂપિયા દાદાને આપવાના ચ્યાંથી લાઈશું?"

મને થયું -' આ કોની વાત કરે છે?'

મારી સાથેના આ વિસ્તારના જાણકાર ઈલેક્ટ્રીશીયને મને કહ્યું – " આ વિસ્તારના નામચીન ........દાદાની તે વાત કરે છે. આપણે જઈએ પછી, સો રૂપિયા લઈને 'દાદા'નો માણસ ફરી પાછો સપ્લાય આપી દેશે! જેની પાસે રૂપિયા હોય તે ફરી જલસા કરે. દર મહિને પચાસ રૂપિયા 'દાદા'ને આપવાના. આપણી કમ્પનીને ડિક્કો!"

હું તો હેબત જ ખાઈ ગયો. આખું સમાંતર તંત્ર ચાલે! અમારા પાવરના જોરે 'દાદા' નો તો પાવર વધતો જાય. હવે મને અમારા આખા ઓપરેશનની વ્યર્થતા સમજાઈ. કશો અર્થ જ નહોતો. ઊલટાનું અમારી ધાડથી તો 'દાદા'ને બીજી વધારાની આવક થવાની હતી! વધારે દૂષણો પોષાવાનાં હતાં.

વ્યગ્ર ચિત્તે હું તે મકાનથી આગળ જવા નીકળ્યો. બાજુના ઘરની બહાર એક ખાટલા પર ધોમધખતા તડકામાં એક દમિયલ ડોસો ખાંસતો પડ્યો હતો. ઘરમાં તેના તૂટેલા ફૂટેલા ખાટલા માટે કોઈ જગા ન હતી. આ 'એરકન્ડિશન' (!) જગા તેને ફાવી ગઈ લાગતી હતી. સૂતાં સૂતાં જ તે આજુબાજુ ગળફા થુંકતો  હતો. બાજુમાં જ બે સાવ નાગાંપુગાં બાળકો ધૂળમાં મજાથી રમતાં હતાં.

થોડેક આગળ ગયા. દૂરથી બિહામણા દેખાવવાળા, લુખ્ખા જેવા બે ત્રણ માણસો અમારી પ્રવૃત્તિ નિહાળી રહ્યા હતા. મેં પેલા જાણકારને પૂછ્યું કે તે કોણ હતા.

તેણે કહ્યું – " 'દાદા'ના માણસો છે. આપણા જવાની રાહ જોઈ રહ્યા છે. આપણે જઈએ પછી તેમની ઉઘરાણી અને રિપેરની(!) કાર્યવાહી શરૂ. આપણા પર એ લોકો વારી ગયેલા છે – વધારાની આવક થવાની ને!"

થોડે આગળ ગયા. ત્યાં એક મકાનના બારણામાં આવા બીજા બે લુખ્ખાઓ બેઠેલા હતા. મને કહેવામાં આવ્યું કે તેઓ 'બેવડા'નું વેચાણ કરે છે. તેમણે મને પણ કહ્યું – " સાયેબ! દેશીનો 'ટેસ' કરવો સં? વિલાયતીય સં – તમને મફતમાં 'ટેસ' કરાવહું ."

આ હતું ગાંધીજીના ગુજરાતના મુખ્ય શહેરમાં દારુબંધીનું વરવું ચિત્ર!

વળી આગળ ગયા. એક મકાનના બારણાંમાં આંખોના નિર્લજ્જ ઈશારા કરતી, સોળેક વરસની બે છોકરીઓ ઊભેલી હતી. અડધી ખુલ્લી છાતીમાંથી ખીલતું જોબન લૂંટાવા માટે લચકી રહ્યું હતું. તેમણે સાવ નાની ચડ્ડી પહેરેલી હતી, અને તેમનો એક હાથ પોતાની ખુલ્લી સાથળ ઉપર સૂચક રીતે ફરી રહ્યો હતો.

હવે તો મારી ધીરજનો અંત આવી ગયો. હું મારી જાતને બહુ જ અસહાય અને અકાર્યક્ષમ થયેલી જોઈ શક્યો. હું મોટેથી મારા અધિકારીઓને બરાડીને બોલ્યો " ચાલો પાછા. ઓપરેશન બંધ. આ ધાડનો કોઈ અર્થ જ નથી."

અમે બધા વ્યગ્ર ચિત્તે ઓફિસે પાછા ફર્યા.

**પણ, ત્રણ દિવસ સુધી મેં જોયેલાં એ વરવાં દ્રશ્યો સ્મૃતિપટલને કોરતાં, આક્રોશતાં રહ્યાં. ચીસો પાડી પાડીને સ્લમની એ દુનિયા મારી સભ્યતાને પડકારી રહી હતી. આખા સમાજને પડકારી રહી હતી. સુફિયાણી પંડિતાઈની, સ્વપ્નિલ, રૂડી અને રૂપકડી આલમની હાંસી કરી રહી હતી. મારા દંભના પડદા વીદારી રહી હતી.**

# પાણીની ટાંકી

"પાણી આટલું ધીમું કેમ આવે છે?" – બાથરૂમમાંથી મારી ઓફિસમાં આવી મેં મારા પટાવાળાને પૂછ્યું.

"સાહેબ! આપણા બિલ્ડિંગનો બોર ફેલ ગયો છે. આ તો સામેના જ્યુબિલી હાઉસની ટાંકીનું પાણી આવે છે."

વાત જાણે એમ છે કે, હું તે વખતે શાહપુર ખાતે આવેલી સિટી ઝોનની ઓફિસમાં મેનેજર હતો. અમારું મકાન આઠ માળનું હતું. તેના ભોંયરામાં પાણી માટેનો બોરવેલ એ દિવસે ખોટકાઈ ગયેલો હતો. સામે કમ્પનીના મેઈન્સ ડિપાર્ટમેન્ટની ઓફિસ હતી. બે ઓફિસો વચ્ચે પાણીની લાઈનોને જોડતું કનેક્શન હતું; જે આ આપત્તિને પહોંચી વળવા ચાલુ કર્યું હતું.

ખાતાના અધિકારી તરીકે આની જાતમાહિતી લેવા હું ભોંયરામાં પહોંચી ગયો. બોરને બહાર કાઢવાની કામગીરી ચાલી રહી હતી. બોરમાંથી મળતું પાણી, ભોંયરાની પણ નીચે આવેલી મોટી ટાંકીમાં ઠલવાતું હતું; જ્યાંથી પાણીના બે પમ્પ વડે મકાનની છેક ઉપર આવેલી ઓવરહેડ ટાંકીમાં પાણી

ચઢાવવાની વ્યવસ્થા હતી. ખોટકાયેલો બોર કાઢીને નવો નાંખવાની કામગીરીને કમ સે કમ બે દિવસ તો લાગી જશે, તેવો અંદાજ હતો.

મેં આનું કામ સંભાળતા એન્જિનિયરને પૂછ્યું," આ ટાંકીઓ કદી સાફ થાય છે ખરી?"

તેણે કહ્યું," ઓવરહેડ ટાંકી તો વરસે એક વાર સાફ થાય છે. પણ આ નીચેની ટાંકી તો બની ત્યારથી કદી સાફ થઈ નથી. એ તો બહુ મોટી છે. એને ખાલી કરતાં બહુ સમય લાગે અને છેક નીચે હોવાથી ખાસ પમ્પ લગાડીએ તો જ એ ખાલી કરાયને? "

હું ચોંકી ગયો. મકાન બન્યે સાત વર્ષ થયાં હતાં; અને અમે એ ટાંકીમાં ભરેલું પાણી જ વાપરતા હતા( પીવા માટે પણ)! એ ટાંકીમાં પેંસવા માટેનું દ્વાર મેં ખોલાવડાવ્યું. વાત સાચી હતી. એ ટાંકી અત્યંત લાંબી, પહોળી અને ઊંડી હતી. એમાં પાણી ત્રણેક ફૂટ જેટલું ભરેલું દેખાતું હતું. મેં એક મજુરને એમાં ઉતરવા કહ્યું અને પાણીની  ઊંડાઈ મપાવી. નકશા સાથે સરખામણી કરી. બીજું આશ્ચર્ય - પાણીની નીચે એક ફૂટ જેટલો કાદવ જમા થયેલો હતો. એ પાણી અમે વાપરતા હતા!

મેં તરત હુકમ કર્યો," ગમે તેમ થાય, આ ટાંકી ખાલી કરીને સફાઈ કરવી જ પડશે." અમારી પાસે એક નાનો ડિવોટરિંગ પમ્પ હતો; તેને કામે લગાડ્યો. જે ઝડપથી તે પાણી ખાલી કરતો હતો, તે જોતાં બે ત્રણ દિવસ તો તેને ખાલી કરતાં જ નિકળી જાય તેમ હતું. અને પછી કાદવ કાઢતાં?

મેં અમારા સાબરમતી પાવર સ્ટેશનમાંથી ડિઝલ પમ્પ મંગાવ્યો. સાંજ સુધીમાં ટાંકીમાં માત્ર કાદવ જ રહ્યો. એ દરમિયાન અમે કાદવ કાઢવા માટે મજુરોની વ્યવસ્થા ગોઠવી દીધી હતી. એ વિશાળ ટાંકીને સાવ ખાલી કરી સફાઈ કરતાં, ચોવીસે કલાક કામ ચાલુ રાખ્યા છતાં, પૂરા ત્રણ દિવસ થયા. ચારેક ખટારા ભરાય એટલો  કાદવ નીકળ્યો હતો!

મને થયું,'દર વરસે આમ કરવાનું શી રીતે શક્ય બને?' તરત બીજો સદવિચાર સૂઝ્યો. જો ટાંકીને ત્રણ ભાગમાં વહેંચી નાંખી હોય તો, પાણીની વ્યવસ્થા ચાલુ રાખીને પણ વારાફરતી એકે એક ભાગ સાફ કરી શકાય. તાત્કાલિક એ ટાંકીના તળિયામાં ઈંટની બે દિવાલો ચણાવી; અને બનેલા ત્રણ ભાગોને એકમેકથી છૂટા પાડવાની વ્યવસ્થા પણ કરાવી દીધી.

આમ ચાર દિવસે આ ભગીરથ કામ પૂરું થયું; ત્યારે નવો બોર ધમધમતો થઈ ગયો હતો અને, આ સમસ્યાનો કાયમી ઉકેલ પણ થઈ ગયો હતો. ઊભી થયેલી એક સમસ્યાના ઉકેલની સાથે બીજી એક સમસ્યા પણ ઉકલી ગઈ હતી.

# સેલ્સમેન

અમારી ઓફિસનો પટાવાળો એક વિઝિટિંગ કાર્ડ મારા ટેબલ પર મૂકી ગયો. 'ર.ચિ.પટેલ'. મને તેને મળવાનું ખાસ મન ન થયું. મારે બીજાં ઘણાં કામ તે દિવસે હતાં. પણ તે છેક મુંબઈથી આવેલો હતો, એટલે મેં 'રચિપ'ને મારી ઓફિસમાં બોલાવ્યો. તે એક માઈક્રોપ્રોસેસર વાળા ટેસ્ટીંગ સાધન

બનાવતી કમ્પનીનો સેલ્સમેન હતો. નવી જ સવલતો તે સાધન આપતું હતું. અમને સમારકામના કામમાં તે બહુ કામમાં લાગે તેમ હતું. આ વિષયના ઘણા પ્રશ્નો મેં તેને પૂછ્યા. તેણે બહુ સરસ રીતે મારી બધી શંકાઓનું સમાધાન કર્યું. આ બાબતનો હું નિષ્ણાત તો નહીં, પણ મારા હાથ નીચે કામ કરતા એન્જિનિયરો પાસેથી શીખેલી કેટલીક બાબતો વિશે મેં તેને વધારાના પ્રશ્નો પૂછ્યા. તેના પણ રચિપે બહુ સરસ જવાબ આપ્યા.

હવે મને થયું કે 'આ તો બહુ કામનું સાધન લાગે છે. લાવ અમારા આ બાબતના નિષ્ણાતને બોલાવું'. મેં અમારા ઈન્સ્ટ્રુમેન્ટ ખાતાના ઉપરી મેનેજરને બોલાવ્યા. તેમણે તો આવીને ઘણી વિષદ માહિતી માંગી. તે બધાના પણ તેણે બહુ જ સરસ અને સંતોષકારક જવાબ આપ્યા. અમને બન્નેને થયું કે, આ સાધન તો જરૂર ખરીદવા જેવું છે.

પણ ખરી રસ પડે તેવી વાત તો હવે આવે છે ....

રચિપ ગુજરાતી હતો એટલે મને જરા અંગત સવાલ પૂછવાનું મન થયું. મેં રચિપને પૂછ્યું ," અરે, રચિપ! તમે આ વિષયના સ્નાતક ક્યાંથી થયા?'

રચિપ ," સાહેબ! હું તો બી.કોમ. જ છું."

મને સાનંદાશ્ચર્ય થયું. કોમર્સ ગ્રેજ્યુએટ હોવા છતાં તેની આ વિષયની જાણકારી એક નિષ્ણાતને પણ શરમાવે તેવી હતી. વધારે વાતો કરતાં ખબર પડી કે ઈજનેરીની માસ્ટરની પદવી ધરાવતા બીજા સેલ્સમેનો કરતાં તે વધુ

વેચાણ કરતો હતો અને તેની કમ્પનીમાં તેને બહુ ઝડપથી પ્રમોશનો મળતાં હતાં.

મેં તેને છેલ્લો સવાલ કર્યો," તમારી સફળતાનું રહસ્ય શું?"

રચિપનો જવાબ આંચકો આપી દે તેવો હતો," સાહેબ! શરાબ! "

હું ચમકી ગયો. તેણે ફોડ પાડ્યો. "સાહેબ! ખોટું કાંઈ ધારી ન લેતા. મારી જીવાદોરી જેવું આ કામ મારે માટે શરાબ છે. તેમાં હું ડૂબી જાઉં છું. આ સાધન અને તેના વિજ્ઞાનને લગતી, મારે જરૂરી બધી માહિતી મેં તેના નિષ્ણાતો પાસેથી મેળવીને મોંઢે કરી લીધી છે. જ્યારે કોઈ નવી પ્રોડક્ટ અમારી કમ્પની બજારમાં મૂકે છે; તે પહેલાં હું તેનો આવો અભ્યાસ કરી લઉં છું. તમને જાણીને આનંદ થશે કે, અમારા માલિકે તેમના એક બીજા સાહસમાં ભાગીદાર બનાવવા મને આમંત્રણ પણ આપ્યું છે. "

મનોમન મેં આ 'શરાબી'ને નમન કરી લીધા.

## પાવર હાઉસ સ્ટોર

છ માણસો સ્ટોરની બારી આગળ તડાકા મારતા ઊભા હતા. સામાન્ય રીતે હું સવારના રાઉન્ડ પર નીકળું એટલે મને દૂરથી આવતો જોઈને, આવા નવરાઓ રફૂચક્કર થઈ જાય. પણ આ તો એમના એમ ઊભા રહ્યા. મને નવાઈ લાગી. એમની પાસે જઈ પૂછ્યું," કેટલા વખતથી ઊભા રહ્યા છો?"

જવાબ મળ્યો, " સાહેબ! અડધો કલાક થયો. અમારો કેન્ટિનમાં જવાનો ટાઈમ પણ આવી લાગ્યો." અને મારા પૂછવાની રાહ જોયા વિના જ ઊમેર્યું," અમારો સામાન આ લોક ક્યાં જલદી કાઢી દે છે? "

હવે એમની સમય-બરબાદી-પ્રવૃત્તિનું કારણ મને સમજાયું. સ્ટોરમાં જઈ મેં બારી પરના કારકૂનને સામાન આપવામાં થયેલી ઢીલનું કારણ પૂછ્યું.

ત્યારે ખબર પડી કે, એમનો સામાન ઓછો વપરાતો હોવાના કારણે બહુ દૂર રાખેલો છે; જે લેવા મજૂર ગયો છે. મેં પૂછ્યું," આવું ક્યારેક જ થાય એમ તો ન બને ને? આ સામાન બીજા ખાતાવાળાઓને પણ જોઈતો જ હોય છે ને? બધાનો સમય આમ બગડે છે?"

મને આમ પૂછપરછ કરતો જોઈ, સ્ટોરનો ઈન ચાર્જ ઓફિસર જહોન દોડતો આવી પહોંચ્યો. એણે મામલો સમાલી લીધો. તેણે મને સમજાવ્યું કે, નજીકમાં જગ્યા ન હોવાને કારણે એ સામાન નછૂટકે દૂર રાખવો પડે છે.

હવે મને આ બાબતમાં વધારે રસ પડ્યો. અડધોએક કલાક લમણાંઝીંક કરતાં નીચે મૂજબનાં સત્યો બહાર આવ્યાં.

1. વધારે વપરાતો, જે સામાન નજીક રાખવામાં આવતો હતો; તેનો પૂરેપૂરો સ્ટોક એક જ જગ્યાએ રાખવામાં આવતો હતો. અમૂક ચીજોનો તો છ મહિનાનો સ્ટોક ભરેલો હતો.

2. ચીજો રાખવાની છાજલીઓ ત્રણ ફૂટ ઊંડી હતી; અને બિનજરૂરી રીતે વધારે જગ્યા રોકતી હતી. ચાળીસ વરસ જૂની એ છાજલીઓ જૂના જમાનાના મોટી કદના સામાનને માટે બનાવેલી હતી.

આ બન્ને બાબત સુધારાની જરૂર હતી. મેં સૂચના આપી કે, પહેલી જાતની ચીજોનો પંદર દિવસ ચાલે એટલો સ્ટોક રાખી, બાકીનો વધારાનો માલ દૂર રાખવો અને દર દસ દિવસે ત્યાંથી લઈ આવવો. ઘણી બધી આવી ચીજો હોવાના કારણે એક ખટારામાં દર દસ દિવસે સ્ટોરના માણસો એક સામટો આ માલ સરળતાથી લાવી શકે.

થોડાક નવા અને એક ફૂટ ઊંડાઈવાળા ઘોડા પણ મંગાવી દીધા.

દસેક દિવસ પછી મેં તપાસ કરી તો ખબર પડી કે, સામાન આપનાર કારકૂનની નજીક, આ બે પગલાંથી ઘણી બધી જગ્યા થઈ ગઈ હતી; અને ઘણી જાતનો સામાન નજીકમાં સ્ટોર કરી શકાયો હતો. સામાન લેવા આવનાર ખાતાના માણસોનો સમય ન બગડે; એની વ્યવસ્થા હવે થઈ ગઈ. જૂના, બહુ ઊંડા ઘોડા કપાવીને નાના બનાવવા માંડ્યા; જેથી વધારાની ઘણી જગ્યા નજીકમાં થઈ ગઈ.

પણ જહોને બીતાં બીતાં મને કહ્યું," સાહેબ! છ મહિનાનો સ્ટોક રાખવાનું શક્ય ન હોવાના કારણે, ત્રણ મહિનાનો સ્ટોક મંગાવવાનું રાખ્યું છે. પણ પર્ચેઝવાળા કહે છે કે, ઓર્ડર નાનો થઈ જવાના કારણે ભાવ વધારે આપવા

પડશે. હવે મારે શું કરવું? તમે કહ્યું, એટલે મારે તો એમ કરવું જ પડે. પણ પર્ચેઝ વાળા સાથે હું શી રીતે પહોંચી વળું?"

મેં કહ્યું," તમારી પાસે આટલા બધા ગોડાઉનો તો છે જ ને? તેમાં ભરો."

જહોન ,"સાહેબ ! બધા ભરેલા છે. ક્યાંય જગ્યા નથી."

અમે તો એક પછી એક બધા ગોડાઉનો જોવા નીકળ્યા. મને સૌથી દૂરના ગોડાઉનની પહેલી મૂલાકાત લેવા આકસ્મિક જ મન થયું. એની ચાવી મંગાવી, અમે ત્યાં પહોંચ્યા. સાવ અવાવરૂ જગ્યાએ આવેલા એ ગોડાઉનનું તાળું કાટ ખાઈ ગયેલું હતું. માંડ માંડ તે ખૂલ્યું. કારણ પૂછતાં ખબર પડી કે, એમાં રાખેલો સામાન ત્રણ વર્ષથી કોઈએ માંગ્યો જ નથી! અમે અંદર પેંઠા. ચારે બાજૂ ધૂળના ઢગલા અને કરોળિયાનાં જાળાં હતાં. અમૂક જગ્યાએ છાપરામાંથી વરસાદ પડવાના ચિહ્નો પણ દેખાતા હતા. સ્ટોરના કોઈને એ સામાન શેનો હતો; તેની ખબર ન હતી. પણ તે બોઈલર મેન્ટેનન્સ ખાતાને લગતો હતો. મેં તે ખાતાના અધિકારીને બોલાવ્યા.

ત્યારે ખબર પડી કે, એ સામાન જૂના બોઈલરોનો હતો; જે બોઈલરો કાઢી નાંખ્યે પણ ત્રણ ચાર વર્ષ થયાં હતાં! કોઈએ એ સામાન જરૂરી નથી; એવી સૂચના સ્ટોરને આપી ન હતી. આવો જ ઘણો ભારે સામાન જૂનાં, ભંગારમાં વેચાઈ ગયેલાં ટર્બાઈનોને લગતો પણ હતો.

તાબડતોબ આ બધો બિનજરૂરી માલ વેચી દેવાની સૂચનાઓ આપવામાં આવી અને ચારેક મહિના બાદ બધી વિધી પતી જતાં...

- આવા બે મોટા ગોડાઉનો ખાલી થઈ ગયાં.
- નકામો સામાન ભંગાર તરીકે વેચતાં, કમ્પનીને એક કરોડ રૂપિયા જેટલી આવક થઈ.
- એનાથી ઘણી મોટી રકમની સ્ટોરની ઈન્વેન્ટરી પણ ઓછી થઈ ગઈ.

# સમાપ્તિ

સમાપનમાં આમ તો ઘણું બધું લખી શકાય, પણ જીવનના ત્રણ તબકાઓને આવરી લેતા આ ફ્લેશ બેક સાથે વિરમું છું -

# ચા તૈયાર છે

૨૦૦૯

ચા તૈયાર છે. ટેબલ પર તાજી, ખુશબોદાર ચાથી ભરેલા, પ્લાસ્ટિકનાં ઢાંકણથી ઢંકાયેલા ત્રણ પ્યાલા પડ્યા છે. ચા તો નજરેય પડતી નથી. ચા જેમાં બનાવી હતી, તે વાસણ, ગળણી, સાંડસી, ચમચી વિ. રસોડાના સિન્કમાં ઊટકાવાની રાહ જોઈને પડેલાં છે. ગેસનો સ્ટવ કામ પતાવી, ઠંડો પડી રહ્યો છે. ચા-ખાંડના ડબા એમના યથાસ્થાને ગોઠવાઈને પડ્યા છે. વૉલ માર્ટમાંથી લાવેલો, એક ગેલનનો, બે ટકા ફેટવાળા દૂધનો કેરબો ફ્રિજમાં એના સ્થાને, થોડો ખાલી થઈને, પાછો ગોઠવાઈ ગયો છે. કાચની ડીશમાં બ્રેડના ટોસ્ટ શેકાઈને તૈયાર પડ્યા છે. બાજુમાં માખણના સ્પ્રેડનો ડબો અને માખણ ચોપડવાની છરી પણ હાજર જ છે. રસોડાની ઓલી’પા લિવિન્ગ રૂમના ટેબલ પર, મારું વહાલું નોટબુક કોમ્પ્યુટર મને લોગ ઈન કરવા આમંત્રી રહ્યું છે.

બધું સમેસૂતર જણાય છે. માત્ર ચા પીનારા આવે એની રાહ જોવાઈ રહી છે. મારી પત્ની આરામથી સૂઈ રહી છે. દીકરી અને જમાઈ નોકરીએ જવા માટે તૈયારી કરી રહ્યાં છે. બાળકો એમના અલગ અલગ રુમમાં વેકેશની નિંદર માણી રહ્યાં છે.

પણ બે જ મિનિટ પહેલાં? બધું રમણ-ભમણ હતું. તપેલીમાં ચા ખદબદી રહી હતી. ઊભરો આવવાની રાહ જોવાઈ રહી હતી. તપેલીને સ્ટવ પરથી

ઉતારી, ચા ગળવા, સાંડસી અને ગળણી હાથમાં તૈયાર રાખેલાં હતાં. ચા-ખાંડના ડબા, દૂધનો કેરબો, આદુ ભરવાની રકાબી, આદુ છીણવાની છીણી, ચાના ખાલી પ્યાલા- રકાબી એ બધાંથી રસોડાંનું કુકીંગ ભરચક ભરેલું હતું. ડાઈનીંગ ટેબલની બાજુમાં ગરમ લ્હાય જેવા ટોસ્ટરમાં પાંઉ શેકાઈ રહ્યા હતા. રસોડું આ બધી ચહલપહલથી ધમધમતું હતું.

એના કલાકે'ક પહેલાં? રસોડામાં સ્મશાન શાંતિ છવાયેલી હતી. આ બધી ચીજો એમના યોગ્ય સ્થાને સોડ વાળીને સૂતી હતી. અરે! ચામાં નાંખેલાં કુદિનાનાં પાન પણ બેક યાર્ડમાં સ્વપ્રયત્ને વાવેલા છોડની ડાળે, સવારના મંદ પવનમાં ઝૂલી રહ્યાં હતાં. એ નાનકડું જગત સાવ સ્થિર અને સુષુપ્ત અવસ્થામાં, ગુપચુપ ઘોરતું હતું. ચા બનાવનાર અને પીનાર સૌ પણ ટૂંટિયું વાળીને સૂતેલાં હતાં.

હું આમ ને આમ સમયમાં, પાછો ને પાછો... પાછો ને પાછો... પાછો ને પાછો... સરતો જાઉં છું.

## ૧૯૭૯

ત્રીસ વરસ પહેલાંની સવાર. અહીંથી હજારો માઈલ દૂર, દેશમાં કમ્પનીએ આપેલા, બગીચા અને કિચન ગાર્ડનથી ઘેરાયેલા, વૈભવશાળી બંગલાના ડાઈનિંગ રૂમના ટેબલ પર, નાહી ધોઈને તૈયાર થઈ, હું ચા બની ગયાની આલબેલ સાંભળવા આતુર, ગુજરાતી છાપાંની ઉપરછલ્લી મુલાકાત લઈ રહ્યો છું.

મારી પત્ની ભમભમાટ અવાજ કરતા, પ્રાયમસ સ્ટવની પાસે, ચા બનાવવાની સવારની ફરજ નિભાવી રહી છે. ચોવીસ કલાક મદદ કરતી કામવાળી બાઈ રસોડામાં શાક સમારી રહી છે. કલાક પહેલાં જ નજીકના ગામડેથી એક સાઈકલ-સવાર દસથીય વધારે ફેટવાળું, શેઢકડું, તાજું દોહેલું દુધ આપી ગયો હતો; અને કામવાળી બાઈએ અમારા જાગતાં પહેલાં તે લઈ રાખ્યું હતું. તે દૂધ ઊકાળ્યા બાદ, ઠંડું થઈને ફ્રિજમાં મુકાઈ જવાની રાહ જોઈ રહ્યું છે. ગઈકાલના દૂધ પર તરતી, રોટલા જેવી મલાઈ નિતારીને કાઢેલું સેપરેટ(!) દૂધ ચામાં પધરાવાઈ ગયું છે! દસ દિવસમાં ભેગી થયેલી એ મલાઈનું ઘી બનાવવાની સૂચના મારી પત્ની કામવાળી બાઈને આપી રહી છે. કામવાળી બાઈએ ખાંડી આપેલા ચાના મસાલાની ડબી ચા–ખાંડના ડબાની બાજુમાં ચમકી રહી છે. ડાઈનિગ ટેબલ પર હમણાં જ બનાવેલા ગરમાગરમ બટાકાપૌંઆં પણ તૈયાર છે.

હાલ ચાલીસ માઈલ દૂર ગાડી ચલાવી, નોકરી માટે જતી, દીકરી માત્ર નવ જ વરસની છે; અને ઘરની પાછળ જ આવેલી, પાવર હાઉસની શાળામાં જવા માટે, હજુ ઘણે મોડેથી ઊઠવાની છે. એ એની પરીકથાઓના ખ્વાબોમાં મશગૂલ છે. ચાર વરસના, બે જોડીયા દીકરાઓ એમના રૂમમાં, આયાની સાથે આરામમાં પોઢી રહ્યા છે.

બાકી ચા તો એવી ને એવી જ બનવાની છે!

૧૯૪૯

પોળમાં આવેલા ત્રણ માળના મકાનના ભોંયળિયે, પેટમાં પાંચમું બાળક લઈને ફરતી મારી બહેને ( અમારી બાને અમે બહેન કહેતા.) વહેલાં ઊઠીને, ધુમાડાના ગોટે ગોટથી બળતી આંખો સાથે કોલસાનો ચૂલો, માંડ માંડ પેટાવ્યો છે. રેલવે વાયરલેસ ઓફિસમાંથી રાતપાળી કરીને આવેલા બાપુજી છાપામાં ડોકું ઘાલી ચાની રાહ જોઈ રહ્યા છે. અમે ચાર ભાંડુ વચલા માળે, લાઈનમાં પાથરેલી પથારીઓમાં મીઠી નિંદર માણી રહ્યાં છીએ.

હમણાં જ બાજુની પોળમાં રહેતી રબારણ બાઈ, પિત્તળના બોઘરણામાં તાજું જ દોહીને કાઢેલું, પણ દિલ દઈને પાણી મેળવેલું દૂધ આપી ગઈ છે. માપ-પ્યાલી કરતાં અડધી પ્યાલી વધારાની નાંખીને ઉપકારનો ભાર ચઢાવી, તે હમણાં જ વિદાય થઈ છે. અહીં કોઈ કુકિંગ પ્લેટફોર્મ નથી. ચા બનાવવાની બધી સામગ્રી બહેને ઊભા થઈને પાછલા રૂમમાંથી લાવી, પોતાની ડાબી બાજુએ ગોઠવેલી છે. સામેની ભીંતના લાકડાના ટોડલા પર, મોંસૂઝણું થતાં હમણાં જ બુઝાવેલું ફાનસ લટકી રહ્યું છે; જેના સહારે ગઈકાલે સાંજે પાટી પેન પર મેં એકડો અને બગડો ઘૂંટ્યા હતા.

પણ એ ચા અમારે માટે નથી. પેટે પાટા બાંધીને, બેય ટંક છોકરાંવને દૂધ જ પીવડાવવું, અને પીવડાવવું જ – એવો નિયમ બહેન-બાપુજીએ રાખેલો છે. થોડે દૂર પિત્તળના, જાતે કલાઈ કરેલા ડબામાં ગઈકાલની વધેલી રોટલીમાંથી બનાવેલા ખાખરાનો નાસ્તો ગઈકાલ સાંજથી તૈયાર થઈને સંઘરી રાખેલો છે -  અમ ચાર ભાંડુ માટે, દૂધ સાથે ખાવા માટે.

ચા બની ગયા બાદ, ગેસનો સ્ટવ કે પ્રાયમસ ટાઢા પડી ગયા; તેમ કોલસાનો ચૂલો ટાઢો પડવાનો નથી. એને તો બધી રસોઈ બની જશે પછી જ આરામ મળવાનો છે.

બાકી અહીં પણ ચા તો એવી જ બનવાની છે.

--------

ત્રણ ચા - એક માની બનાવેલી, એક પત્નીએ બનાવેલી, અને એક જાત મહેનતની. સાચું કહું? આજની ચા વધારે મીઠી લાગે છે! મારી બનાવેલી છે, માટે નહીં, આજની છે માટે! હું ચાના પ્યાલા પર ઢાંકેલી પ્લાસ્ટિકની ડીશ બાજુએ મૂકું છું. એની પર ચાની વરાળ ઠરીને બાઝેલાં પાણીનાં બિંદુઓમાં મને બહેનની આંખમાંથી સરતાં, ધુમાડો સહેવાના કારણે નીકળેલાં, અશ્રુઓ દેખાય છે.

# ૨૦૦૫ પછીની સર્જન પ્રક્રિયા

## બ્લોગ

ગુજરાતી પ્રતિભા પરિચય - https://sureshbjani.wordpress.com/index/

સૂર સાધના - https://gadyasoor.wordpress.com/

હાસ્ય દરબાર - https://dhavalrajgeera.wordpress.com/

હળવા મિજાજે - https://valdasuja.wordpress.com/

હોબી ગુર્જરી - https://hobbygurjari.wordpress.com/

ગૂગમ કોયડા કોર્નર - https://bgjhaveri2009.wordpress.com/index/

Expressions - https://sbjexpressions.wordpress.com/

ઈ-વિદ્યાલય - http://evidyalay.net/

'ગુગમ' – ગુજરાતી ગરિમા મંચ https://gujaratigarima.blogspot.com/

## ઈબુક

અવલોકન શતદલ

https://gadyasoor.files.wordpress.com/2008/07/observations.pdf

૨૦૦ અવલોકનો

https://gadyasoor.files.wordpress.com/2008/07/new_avalokan_2.pdf

અંતરની વાણી

https://gadyasoor.files.wordpress.com/2009/03/antar_ni_wani.pdf

પહેલો ગોવાળિયો

https://gadyasoor.files.wordpress.com/2019/10/e0aaaae0aab9e0ab87e0aab2e0ab8b-e0aa97e0ab8be0aab5e0aabee0aab3e0aabfe0aaafe0ab8b_e0aba7-p.pdf

સ્વૈરવિહાર

https://gadyasoor.files.wordpress.com/2008/08/swairavihar.pdf

બની આઝાદ

https://gadyasoor.files.wordpress.com/2008/07/bani_azad_51.pdf

ગઝલાવલોકન

https://gadyasoor.files.wordpress.com/2020/08/e0aa97e0aa9de0aab2e0aabee0aab5e0aab2e0ab8be0aa95e0aaa8.pdf

નૂતન ભારત

https://gadyasoor.files.wordpress.com/2020/08/nutan_bharat_11.pdf

અવલોકન ગુલદસ્તો

https://gadyasoor.files.wordpress.com/2020/08/e0aa85e0aab5e0aab2e0ab8be0aa95e0aaa8-e0aa97e0ab81e0aab2e0aaa6e0aab8e0ab8de0aaa4e0ab8b-2.pdf

કોટવેથી મેનહટન

https://gadyasoor.files.wordpress.com/2020/08/katwe.pdf

અહાતક

https://gadyasoor.files.wordpress.com/2020/10/e0aa85e0aab9e0aabee0aaa4e0aa95.pdf

# વિડિયો ચેનલ

SBJ Hobbies https://www.youtube.com/user/sbjani2006/videos

Sur Video https://www.youtube.com/channel/UCqNHhdTu7P_ia-GnhhESU0g/videos

# સ્ક્રેચ

સ્ક્રેચ સ્ટુડિયો https://scratch.mit.edu/users/SBJ1943/projects/